હરિઃૐ

# સ્વાર્થ



પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# સ્વાર્થ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

- प्रकाशक : **ट्रस्टीमंडळ,**
  હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
  કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
  જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
  ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

- **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૮ | ૧૦૦૦ |

- પૃષ્ઠ : ૧૬ + ૧૦૪ = ૧૨૦
- પડતર કિંમત : **રૂ. ૨૦**/-
- વેચાણ કિંમત : **રૂ. ૧૫**/-
- **પ્રાપ્તિસ્થાન :**
  હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
  હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧
- મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
  ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮
- ડિઝાઈનર : **મયૂર જાની**
  બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. : ૯૪૨૮૪૦૪૪૪૩
- ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
  ૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
  ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯
- મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
  સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
  ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(બીજી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાનો જે સંકલ્પ કર્યો,
તેમાં યુવાનો નદી-સમુદ્રના તરવૈયા બની સાહસ-હિંમત
કેળવે એવી જે ભાવના હતી, તેને ચરિત્ર કરનાર,
અને
પૂજ્ય શ્રીમોટાના વરદ હસ્તે, તે માટે સુવર્ણચંદ્રક
મેળવનાર, તેમ જ
દેશની આઝાદી માટે પણ શિરસાટે સાહસો કરનાર,
એવા

**સદ્‌ગત શ્રી ચીમનલાલ ત્રિભોવનદાસ લાપસીવાળા**
**ઉર્ફે**
**ગુરુજીને**

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'સ્વાર્થ'**ની આ બીજી આવૃત્તિનું
પ્રકાશન સમર્પિત કરી અમો ધન્યતાની લાગણી
અનુભવીએ છીએ.

તા. ૧૪-૪-૨૦૦૮
(રામનવમી)

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

શ્રી જે. પી. શાહને ચરણકમળે

# સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

અકસ્માત થયો ભેટો ચમત્કાર ખરેખરો
-કૃપાનો કેટલો મોટો ! જાય તે કૈં ન વર્ણવ્યો. ૧

મહાત્મા, સંતની પ્રત્યે સદ્ભાવ દિલનો રૂડો,
કેવો કેવો હૃદે છે તે ભાગ્યે જાણે જ કોઈ તો ! ૨

બિંદુમાંથી જ સિંધુની પરત્વે દોડતા થયા,
છેક નાનેથી શા મોટા તેમ પોતે થતા ગયા ! ૩

મુશ્કેલી વિઘ્ન આવ્યાં છે ગણકાર્યાં છતાં ન તે,
દાખવી, દાખવી, ઉગ્ર પુરુષાર્થ, ચઢ્યા તમે. ૪

સ્વાર્થનું બાવડું ઝાલી એને વળગી શા રહી !
ઉત્સાહે ઉદ્યમે કેવા ઝઝૂમ્યા છો તમે સહી ! ૫

પરિણામ રૂડાં તેનાં જીવને આજ ભોગવો
કેટલું કેટલું ભારે મથ્યા ત્યારે જ સુખ સૌ. ૬

બલિહારી બધી એ તો સ્વાર્થના પુરુષાર્થની,
મથ્યા વિના ન આરો છે જેને મેળવવું જ છે. ૭

મથે તે માત્ર પામે છે, **आज** કે **काल** નિશ્ચયે,
મથી મથી ઘણું શોધે તેવાને તે મળે ખરે. ૮

મથે તે એકલા માત્ર અંતરે મેળવે ખરું,
કેવું તે સત્ય હૈયામાં ઊતરેલ ખરેખરું. ૯

તમે જે ખપ લાગ્યા છો શા પરમાર્થ કર્મમાં !
ઉત્સાહ પ્રેરણા પાયાં તમે કેવાં હૃદે રૂડાં ! ૧૦

બદલો વાળવા તેનો મારી કને કશું ન છે,
ઊંડા ભાવે ધરું છું **આ** સમર્પણાંજલિ પદે. ૧૧

- **મોટા**

॥ હરિઃૐ ॥

# સ્વાર્થની શક્તિ

## (પ્રથમ આવૃત્તિ)

સ્વાર્થ પ્રેરકશક્તિ છે. એના બળથી આ સંસારની લીલા છે. સૌ કોઈ સ્વાર્થને સમજે છે, પણ સૌ કોઈ એને ઓળખતા નથી. બધાં જ એની શક્તિને પૂરેપૂરી પિછાનતા પણ નથી. આથી જ સ્વાર્થને અંધ કહી વગોવે છે અને વ્યક્તિને 'સ્વાર્થી' લેખીને તિરસ્કારે છે.

પૂજ્ય શ્રીમોટાએ **જીવ**માત્રમાં રહેલી સ્વાર્થ શક્તિનો મહિમા ગાયો છે, કેમ કે સ્વાર્થને લીધે જ રસ જાગે છે અને ગતિ કરી શકાય છે. માટે, સ્વાર્થને આત્માની શક્તિ પામવાના હેતુથી સક્રિય કરવો જોઈએ. આથી, પૂજ્ય શ્રીમોટા, સ્વાર્થને તુચ્છ ન ગણતાં, મહત્ત્વનો ગણે છે. અને આવા પ્રકારના સ્વાર્થની શક્તિનાં અનેક પાસાંને, એનાં લક્ષણોને અને એના દ્વારા થતી ગતિ-રીતિને આ પુસ્તકમાં આલેખે છે. સ્વાર્થ વિષયક એક જ પ્રકારના નિરૂપણમાંથી પ્રાકૃતિક અને પારમાર્થિક એમ બંને પ્રકારના અર્થો ઘણે સ્થળે સ્ફુટ થાય છે, એ 'સ્વાર્થ'ના આલેખનની ખૂબી છે.

**જીવ** સાથે જ જન્મેલી આ સ્વાર્થશક્તિ **જીવ**ને ઊર્ધ્વ જીવન તરફ લઈ જતાં કેવા પ્રકારની બને છે, એનું આલેખન કરવાની સાથે સાથે ઊર્ધ્વ જીવનની સાધનાના માર્ગમાં આવતાં વિઘ્નોના સંકેતો પણ સૂચવાયા છે. એ પળે સ્વાર્થ કેવું રૂપ ધારણ કરે છે અને એ જ સ્વાર્થ કેવી ગતિથી **જીવ**ને ઊંચે લઈ જાય છે એનો પરિચય મળે છે.

પૂજ્ય શ્રીમોટાની લેખનરીતિમાં એક નોંધપાત્ર વિશેષતા એ છે કે અમૂર્ત ભાવવાચક શબ્દ પોતે જ મૂર્ત સાકારરૂપ ધારણ કરતો હોય એમ વર્ણવાય છે. આથી, સ્વાર્થ એના કક્ષાભેદે પોતે અવનવાં

રૂપે કાર્ય કરે છે, એનું નિરૂપણ પણ લાક્ષણિક બને છે. છેક છેલ્લે 'સ્વાર્થ મુક્ત થતો સ્વાર્થ' એક અકળ અને સર્વવ્યાપક શક્તિ બની રહે છે ! આવા પ્રકારની સ્વાર્થશક્તિનું નિરૂપણ ઘણી જગાએ ગૂઢ બને છે. 'સ્વાર્થની લીલાકળા' એ અધ્યાયમાં મુક્ત પુરુષની સ્વાર્થ-શક્તિનું નિરૂપણ પૂજ્ય શ્રીમોટાની વિલક્ષણ કાર્યરીતિનું નિદર્શન કરે છે. એ અધ્યાયમાં સ્વાર્થ એના ઉચ્ચતમ અર્થમાં પ્રયોજાયો છે. 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ', 'કૃપા', જેવાં પુસ્તકોમાં જે રીતનું નિરૂપણ કર્યું છે, એ રીતે 'સ્વાર્થ'માં પણ થયું છે. આ રીતે આ પ્રકારના પુસ્તકના સર્જક અમૂર્ત શક્તિ સાથેનું તાદાત્મ્ય વ્યક્ત કરે છે, તેમ છતાં એના આ પ્રકારના નિરૂપણથી સ્વયં નિગૂઢ પણ બને છે. પૂજ્ય શ્રીમોટાની લેખનકળાની આ વિશિષ્ટતા છે.

બીજી સવિશેષતા નિગૂઢ નથી, પણ પ્રત્યક્ષ છે. પૂજ્ય શ્રીમોટાના શરીરને છેલ્લાં દસ વર્ષથી અનેક પ્રકારના તીવ્ર ત્રાસદાયક રોગો છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી શરીરનાં દર્દો અસહ્ય પીડાકારી બની રહ્યાં છે. છેલ્લા આઠ-દસ માસથી એસિડિટીને કારણે પેટમાં અસહ્ય બળતરા પણ બળે છે. આમ છતાં પણ આવા અમૂર્ત ભાવાત્મક વિષયો ઉપર વિવરણાત્મક શ્લોકો રચાય છે-એ સર્જન શરીરના આશ્રયે થતું દેખાતું હોવા છતાં, તે એ રીતનું નથી. **'જીવનરંગત'** પુસ્તકમાંની એક ગઝલમાં તેઓશ્રીએ લખ્યું છે કે :-

'કલમ હું ખાલી માત્ર જ છું, કશું ડહાપણ ન મુજમાં છે,
કશુંક નીતરતું લાગે જો બધું તે તે **હરિ**નું છે.'

આથી, પૂજ્ય શ્રીમોટા વિરચિત આ લાક્ષણિક શાસ્ત્રો પ્રભુની વાણી છે. ફેબ્રુઆરી, ૧૯૭૩માં પૂજ્ય શ્રીમોટાના શરીરમાં પીડા ઘણી જ વધી ગઈ-તીવ્ર બની ગઈ. બરડામાં અને થાપામાં પાર

વિનાનો દુખાવો થવા લાગ્યો. આ પ્રકારની શરીરની સ્થિતિનું નિદાન કરાવવા માટે પૂજ્ય શ્રીમોટાને સુરતની સર પી. ટી. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા. પૂજ્ય શ્રીમોટાની કરોડના તેમ જ બરડાના મણકા બેસી ગયેલા હોવાથી આવી પીડાકારી વેદના થતી એમ ડૉક્ટરોનું માનવું હતું. એ અંગે શરીરના જે તે ભાગના એક્સ-રે લેવામાં આવેલા. પૂજ્ય શ્રીમોટાના શરીરની તપાસ કરાતી હતી એ વેળાએ ત્યાં હાજર રહેલા સ્વજને જે જોયેલું એ મને જણાવેલું. આવી પરિસ્થિતિમાં પણ પૂજ્ય શ્રીમોટા તો 'સ્વાર્થ' લખવામાં તલ્લીન હતા. સડસડાટ એ લખ્યે જ જતા હતા. આઠસો ઉપરાંત શ્લોકો તેઓશ્રીએ આ પ્રકારની વેદના દરમિયાન લખ્યા છે. પૂજ્ય શ્રીમોટા, શરીરની આવી વેદનાભરી સ્થિતિ વેળાએ શ્લોકો રચે કે ઊતરાવે છે, એનો પ્રત્યક્ષ અનુભવ તો આ લખનારને પણ ઘણીયે વાર થયેલો છે.

શરીરની આવી સ્થિતિમાં આ પ્રકારનું સર્જન કેવી રીતે શક્ય બને ? એ અંગે પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે એ નોંધપાત્ર છે.

'કર્મને તો થવા કાજે મનાદિ મુખ્ય સાધન,
સાતત્ય ભાવનું તેમાં સે'લું ઊતરવું દિલ.
નિરંતર થતાં ભાવ સ્પર્શે મનાદિને જ તે,
કિંતુ શરીર તો સાવ જડ સંપૂર્ણ છે મૂળે.
ત્યાં અવતરવો ઊંડો શરીરના કણેકણે,
ત્યાં અવતરવા ભાવ શક્યતા પ્રગટી ન છે.
તેમ છતાં જ સૌ કર્મો શરીરથી થતાં ન છે,
મનાદિ તે થવા કાજે મુખ્ય સાધન માત્ર છે.
સાધનાભ્યાસ આધારે સહજતાભર્યો થતાં
-સ્પર્શી મનાદિને ત્યારે તે સર્વ, મય તે થતાં.

ત્યારે પ્રકૃતિકેરાં સૌ મટી માધ્યમ તે જતાં,
ઊર્ધ્વ આધાર શક્તિનાં તે તે માધ્યમ ત્યાં થતાં.
તેથી કર્મ થવા કાજે જે તે માધ્યમ હોય તે,
હવે પ્રકૃતિને તાબે પોતે રહેલ છે ન તે.
તેથી નિમિત્તાના કર્મે મનાદિ સર્વ માધ્યમે
એ તો રંગાયેલા ભાવે ચેતન-ભાવના રસે.

(કર્મઉપાસના, પૃ. ૧૨૫)

પૂજ્ય શ્રીમોટા આધ્યાત્મિક અનુભવના અપૂર્વ પ્રયોગવીર છે. તેઓશ્રીથી વિરચિત આ સર્જનો પરમ અનુભવની સ્થિતિના પ્રયોગોનું પ્રત્યક્ષ પરિણામ છે.

'તેજસ્વીપણું આત્માનું કર્મ વિના કઈ રીતે
-પ્રત્યક્ષ જીવને કેવી રીતે વર્તાઈ તે શકે ?
આત્માના ગુણધર્મો જે સાક્ષિત્વ ને સમત્વયે,
દ્વંદ્વાતીત, ગુણાતીત, કાળાતીત, સ્થળાતીતે.
કર્મ વિના કઈ રીતે પ્રત્યક્ષ વરતાય તે ?
શો અનુભવીને કર્મે તે અનુભવ થાય છે !

('કર્મઉપાસના', પૃ. ૧૧૯)

પૂજ્ય શ્રીમોટા વિરચિત આ પ્રકારનાં સર્વ લખાણો પરમાર્થ-ઊર્ધ્વતમ સ્વાર્થની લીલા છે. એમાં શ્રેયાર્થીના કલ્યાણ કાજે જે શક્તિ અવતરી છે, એ જ સ્વાર્થશક્તિ છે. એ શક્તિ પ્રભુની કૃપા- શક્તિનો યત્કિંચિત્ પણ પરિચય આપણને થાય તેવી ભાવનાથી આટલું લખ્યું છે.

નહિતર દિવ્ય પ્રકારના સ્વાર્થને તો–

'આડા ને અવળાયે શા સ્વાર્થમાં કૈં પ્રપંચ છે,
નિમ્ન પ્રકારનો એવો સંસારી સ્વાર્થ હોય છે.

દિવ્ય પ્રકારનો સ્વાર્થ રાગદ્વેષ ન જે વિશે,
શો દેવાસુર સંગ્રામ ઉગ્રમાં ઉગ્ર ત્યાંય છે !
અનેક જાતનાં એવાં બળો જુદાં જુદાં જ જે,
તે સૌને જીતવા માટે **પ્રાણ**યે હોમવા પડે,
હોમાતાં એમ હોમાતાં, હારતાં, જીતતાં પથે,
અંતે મેળવીને જીત, શમાવાય **હરિ**પદે.'

('સ્વાર્થ' અધ્યાય ૧૨, શ્લોક : ૨૩ થી ૨૬)

પૂજ્ય શ્રીમોટા વિરચિત આ પ્રકારનાં લાક્ષણિક શાસ્ત્રો પરમાત્માનુભવના પ્રયોગસ્ફુલિંગો છે. એનું વાંચન-મનન-ચિંતવન જીવનવિકાસના હેતુથી અને એના રચયિતાના કર્મ પાછળના ભાવને ધારીને થતું રહે એવી શુભ ભાવના સાથે વિરમું છું.

માર્ચ, ૧૯૭૩

**રમેશ ભટ્ટ**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

અમદાવાદમાં ગુલબાઈના ટેકરે શ્રી પ્રમુખલાલભાઈને ત્યાં રોટલા જમવાનું આમંત્રણ હતું. ત્યાં બધા ભાઈઓ મળ્યા હતા. 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મઉપાસના', 'શ્રીસદ્‌ગુરુ' એ વિષય ઉપર જુદા જુદા સદ્‌ભાવીએ મને લખવાનું સૂચવ્યું. તેઓએ માત્ર લખવાનું સૂચવ્યું એટલું જ નહિ, પરંતુ તેનો પ્રકાશનખર્ચ પોતે માથે લઈ લેવાનું પ્રેમથી સ્વીકાર્યું અને તે છપાયેલાં પુસ્તકો વેચી આપવાનું પણ કબૂલ્યું. તેથી, **શ્રીહરિ**-કૃપાથી પરમાર્થમાં મદદ મળ્યાં કરી. વાતવાતમાં શ્રી પ્રમુખલાલભાઈએ મને **'સ્વાર્થ'** ઉપર લખવા સૂચવ્યું અને પોતે તેનો ખર્ચ આપશે અને તે વેચી પણ આપશે એમ જણાવ્યું. આ સાંભળી એમ પ્રત્યાઘાત થયો કે **'સ્વાર્થ'** વિશે શું લખવું ? એ તો ઉઘાડો જ છે, અને સ્વાર્થને તો બધાં જ ઓળખે છે. એ વિશે ઊંડું શું લખાય ?' વળી પાછું એમ થયું કે 'નાનામાં નાનું ભલેને અર્થ કે રહસ્ય વિનાનું હોય, છતાં તે વિશે શાસ્ત્ર કે વિજ્ઞાન જેવું લખાય ત્યારે જ ઉત્તમ.' આવો વિચાર ઉદ્‌ભવ્યો અને **શ્રીહરિ**કૃપાથી પ્રેરણા થઈ. એવામાં શરીરની-પેટની ભયંકર વેદના પ્રગટી અને દવાખાનામાં શરીરને દાખલ થવું પડ્યું. તે ગાળામાં **'સ્વાર્થ'** અંગે માત્ર થોડુંક જ લખાયું હતું, તે પૂરું કરવામાં **શ્રીહરિ**કૃપાથી દિલ લગાડવાનું થયું અને તે દવાખાનામાં જ પૂરું થયું.

આ **'સ્વાર્થ'** લખવા જેમણે મને પ્રેર્યો, તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. **'સ્વાર્થ'** વિશે આવડ્યું તેવું ગાયું છે. એમાં જે દોષ હોય તે મારો છે. જે કંઈ સારું હોય તે **શ્રીહરિ**કૃપાનું છે. સજ્જનો ફોતરાં ફોતરાં ફેંકી દઈ, કુશકા કાઢી નાખી ઉત્તમ ગ્રહવા કરવા જેવું લાગે તે ગ્રહણ કરશે એવી વિનંતી-પ્રાર્થના છે.

સર પી.ટી. જનરલ હૉસ્પિટલ, **-મોટા**
બાલાજી રોડ, સુરત, તા. ૧૯-૨-૧૯૭૩

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ **'સ્વાર્થ'** વિશે જે શ્લોકો રચ્યા તેને વિભાગવાર ફાળવીને, ગોઠવીને, પ્રેસ નકલ તૈયાર કરી આપવાનું કામ શ્રી રમેશભાઈ ભટ્ટે કર્યું છે. એની નોંધ લેતાં આનંદ થાય છે.

શ્રી પ્રમુખલાલભાઈ પટેલે **'સ્વાર્થ'**નું પ્રકાશનખર્ચ આપીને એની નકલો વેચી આપવાનું પણ પ્રેમથી સ્વીકાર્યું, એ બદલ એમનો હૃદયપૂર્વક ઘણો ઘણો આભાર માનીએ છીએ. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી આવતી સંપૂર્ણ રકમ લોકકલ્યાણનાં કાર્યો પાછળ જ ખરચાય છે.

**'સ્વાર્થ'** જેવા છેક જ સામાન્ય ગણાય એવા વિષય ઉપર પૂજ્ય શ્રીમોટાએ જે વિવરણ કર્યું છે, તેને જિજ્ઞાસુઓ યથાયોગ્ય ભાવે સ્વીકારશે એવી આશા છે.

આ પુસ્તક મેસર્સ એલેમ્બિક પ્રેસ વડોદરાએ ઘણી જ ઝડપથી છાપી આપ્યું છે, તે માટે અમે તેમનો ખાસ આભાર માનીએ છીએ.

**નંદુભાઈ શાહ**

માર્ચ, ૧૯૭૩ મૅનેજિંગ ટ્રસ્ટી,

હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ જે વિપુલ પ્રમાણમાં અને અન્યત્ર ક્યાંય ન હોય એવું જે વિરલ સાહિત્યનું સર્જન કર્યું, તેમાં પશ્ચાદ્‌ભૂમિકામાં કોઈ ને કોઈ સ્વજન તરફથી થયેલ સૂચન રહેલું છે. **'સ્વાર્થ'** ઉપર લખવા એક સ્વજને સૂચન કરતાં, પૂજ્ય શ્રીમોટાએ પ્રથમ પ્રત્યાઘાત અનુભવેલો કે **'સ્વાર્થ'** તો ઉઘાડો જ છે. તે છતાં તે વિશે શાસ્ત્ર-વિજ્ઞાન જેવી રચના તેઓશ્રી દ્વારા થઈ છે. સને ૧૯૭૩માં તેની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ હતી.

**'સ્વાર્થ'**ની પ્રતો અપ્રાપ્ય હોવાથી અને હવે સ્વજનોમાં પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહ તરફની રુચિ અને માગ વધવાથી તેની બીજી આવૃત્તિ પ્રકાશિત કરી અમે ધન્ય બન્યા છીએ.

સ્વજન આવા સાહિત્યનું સેવન કરી જીવનભાથું મેળવશે એવી આશા છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૪-૪-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**
(રામનવમી) હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| અધ્યાય | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શુભારંભ | ૧-૨ |
| ૨ | સાંસારિક સ્વાર્થ | ૩-૯ |
| ૩ | સ્વાર્થ માહાત્મ્ય | ૧૦-૧૩ |
| ૪ | સ્વાર્થ સાધના | ૧૪-૨૦ |
| ૫ | સ્વાર્થ સ્વરૂપ | ૨૧-૩૬ |
| ૬ | સ્વાર્થનું અલૌકિક રૂપ | ૩૭-૪૧ |
| ૭ | સ્વાર્થની સક્રિયતા | ૪૨-૪૯ |
| ૮ | સ્વાર્થ લક્ષણ | ૫૦-૫૭ |
| ૯ | સ્વાર્થની ઊર્ધ્વસૃષ્ટિ | ૫૮-૬૦ |
| ૧૦ | સ્વાર્થ શ્રેષ્ઠી | ૬૧-૬૫ |
| ૧૧ | સ્વાર્થની લીલાકળા | ૬૬-૮૦ |
| ૧૨ | સંગ્રામ સ્વાર્થનો | ૮૧-૮૪ |
| ૧૩ | સ્વાનુભવ | ૮૫-૯૮ |
| ૧૪ | સમાપન | ૯૯-૧૦૧ |


❑

# સ્વાર્થ

❑

પૂજ્ય શ્રીમોટા

**'હું સર્વત્ર વિદ્યમાન છું.'**


'જીવનદર્શન', ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિ:ૐ

## અધ્યાય - ૧

# શુભારંભ



સધાતું કોઈ ના કર્મ જેમાં ના **હરિ**ભાવ છે,
પ્રેરાવા ભાવ તો **એ**નો પ્રાર્થના ઉપયોગ છે.

(અનુષ્ટુપ)

સ્તવી, સ્તવી હું હૈયાથી પ્રાર્થના **હરિ**ને કરું,
'સ્વાર્થ'ને લખવા દેજે મને બુદ્ધિ યથાર્થ તું. ૧

બુદ્ધિ એ પણ શક્તિ છે, અનેક શક્તિમાંની જે,
અંતરે સ્ફુરવા શક્તિ કૃપા તો કરજો તમે ! ૨

શા શ્વાસોશ્વાસ ચાલે છે, **એ**ની શક્તિ વડે ખરે !
તો પછી તે વિના શક્તિ બુદ્ધિ કેવી રીતે ખીલે ? ૩

કર્મ આરંભતાં પહેલાં તેથી તો **હરિ**ને હૃદે,
કરી આહ્‌વાન ભાવેથી **હરિ**ને નોતરું ઊંડે. ૪

પ્રકાશ બુદ્ધિમાં દેવા, કરુણાળુ કૃપા તમે
-બોથડ પર વર્ષાવી યોગ્ય સ્ફુરાવજો હૃદે. ૫

ડગલું એક ના ક્યાંયે ભરાયે **હરિ**ના વિના,
જેમાં તેમાં બધાં વિશે **હરિ**ને ધરું તેથી ત્યાં. ૬

સધાતું કોઈ ના કર્મ જેમાં ના **હરિ**ભાવ છે,
પ્રેરાવા ભાવ તો **એ**નો પ્રાર્થના ઉપયોગ છે. ૭

બે જ તો શબ્દનો 'સ્વાર્થ', પોતે પૂરો બનેલ છે,
'સ્વ', 'અર્થ' બેઉનો કેવો સમાસ તે થયેલ છે ! ૮

'સ્વ'નો તો અર્થ 'પોતાનો' અર્થ એવો શું થાય છે !
'અર્થ'નો અર્થ તો લાભ, હિત, શ્રેય, શું થાય છે ! ૯


પોતાનો લાભ કે શ્રેય 'સ્વાર્થ'નો એમ અર્થ છે,
'સ્વાર્થ'નાયે જુદા જુદા અનેક અર્થ થાય છે. ૧૦

❈

હરિઃૐ

## અધ્યાય - ૨

# સાંસારિક સ્વાર્થ



જેટલી જેટલી માત્રા સ્વાર્થમાં તે વિશેષ છે,
કેવી એકાગ્રતા તેમાં તે તે સ્વાર્થ રખાવશે.

(અનુષ્ટુપ)

સ્તરો જીવનના કેવા અનેકાનેક હોય છે !
તેવા તે સ્તરનો સ્વાર્થ જુદો જુદો શું હોય છે ! ૧

સ્વાર્થને કારણે કેવાં માનવી સૌ પરસ્પરે
-સંકળાયેલ તે રે' છે, એકબીજાની સાથ જે. ૨

સ્વાર્થ જે નિમ્નગામી છે, જે સાંસારિક છે નર્યો,
તેમાં તેમાં જ ચોંટાડી તેને તેમ રખાવશે. ૩

જે પરત્વતણો સ્વાર્થ તે દિશા ગમ પ્રેરીને
-તે વિશે બુદ્ધિ પ્રેરાવી ચોંટાડી બુદ્ધિ ત્યાં શી દે ! ૪

જેમાં જેમાં ઊંડો સ્વાર્થ લાગેલો છે ખરેખરો,
એકાગ્ર બુદ્ધિ ત્યાં કેવી આપોઆપ થતી જ તો ! ૫

સંસારી કામનાઓને સંતોષવાતણો ખરે
-સ્વાર્થ સંસારમાં તો છે અનેક જાતનો બધે. ૬

સંસારી કામના જેમાં તેવોયે સ્વાર્થ હોય છે,
મોખરે કામલોભાદિ મોહાદિ હોય જે વિશે,
જેટલી જેટલી માત્રા સ્વાર્થમાં તે વિશેષ છે,
કેવી એકાગ્રતા તેમાં તે તે સ્વાર્થ રખાવશે ! ૭-૮

સ્વાર્થ ઉત્કટ લાગ્યો હો તે પ્રમાણેની ધારણા,
સ્વાર્થનાં કર્મને વિશે જીવંતી રે'તી શી સદા ! ૯

ફળાવવા જહીં સ્વાર્થ લગની જલતી શી છે !
જંપીને બેસવા વારો તેવાને આવતો ન છે. ૧૦

સ્વાર્થના લોભમાં કેવો માનવી ભટક્યા કરે,
સ્વાર્થના મોહમાં મુગ્ધ માનવી શો થયા કરે ! ૧૧

શાં કામાતુર તો સ્વાર્થે સંસારીજન સર્વ છે !
કિંતુ ત્યાં તેમનો સ્વાર્થ અધમાધમ હોય જે. ૧૨

સ્વાર્થના અર્થ સંસારે અનેકવિધ હોય છે,
જુદા જુદા જ કાળે તે જુદા શા સ્વાર્થ હોય છે ! ૧૩

સ્વાર્થનાય તરીકા શા સંસારે તો જુદા જુદા !
જુદા જુદા તરીકાના ગુણધર્મ અનેક શા ! ૧૪

જગે ભલભલા કેવા કૂંડાળાં સ્વાર્થને વિશે,
ફસાઈને ભરાયેલા ખરેખરા પડેલ છે !
સમર્થ લાગતાં ભારે છતાં જેમનું તો કશું
-ચાલતું છે ન ત્યાં સ્હેજે કેવા ત્યાં અસમર્થ શું ! ૧૫-૧૬

સંસારી સ્વાર્થના ફાંકા, તુક્કા તૉરભર્યા જ છે,
તુમાખી પાછી કેવી છે, અહંથી જ ભરેલ છે,
એવા સંસારીના કેવા કૂદકાભૂસકા જગે
-અહીંથી તહીં મારેલા અનેકાનેક હોય છે.
કડાકા ને ફડાકામાં કેવા કેવા દોડ્યા કરે,
રમ્યા કરે જ એ રીતે વિધવિધ રીતે જગે. ૧૭-૧૯

છતાં ના પાર આવે છે, **એ**વાનાં કર્મનો જગે,
તે અવિદ્યાતણો એવો સ્વાર્થનો રસ ઑર છે,
શી અવિદ્યાતણા એવા રસે રસાર્દ્ર મુગ્ધ જે
-શું આકર્ષણ તે હોય ? જેથી સૌ સપડાય છે. ૨૦-૨૧

સંસારી સ્વાર્થમાંયે ત્યાં લોક કેવા ફના થતા !
દહાડો કિંતુ તેમાંથી કોઈનો વળતો ન ત્યાં,
હાથ ઘસી મરે તોયે ત્યાંના ત્યાં જ ફરી ફરી
-લોક દોડ્યા કરે કેવા ! તે છે આંધળી દોટ શી !
દ્વંદ્વગુણતણા સ્વાર્થે બુદ્ધિ છે જકડાયેલી,
ગમે તેટલુંયે છોને વિચારે તે છતાં તહીં
-એના એ જ કૂંડાળેથી બુદ્ધિ મુક્ત થતી નથી,
તેથી આગળનો દેશ કોઈને ઊગતો નથી. ૨૨-૨૫

સંસારી સ્વાર્થમાં કેવા રાગદ્વેષ ભર્યા જ છે !
અશાંતિ, ક્લેશ, ઉદ્વેગ શો પારાવાર જે વિશે !
સંઘર્ષણ વળી કેવાં તે સ્વાર્થે જન્મતાં જ છે !
છતાં સંસારી તે લોક તેમાં શા મશગૂલ છે ! ૨૬-૨૭

તે પ્રકૃતિતણા સ્વાર્થે આંધળી દોટ માંડીને
-સંસારી લોક તો કેવા દોડતા નિત્ય હોય છે !
રળાયે કેટલું કેવું તેવા તે સ્વાર્થમાં હૃદે !
કોઈને તે વિશે ક્યાંયે કશી ના પરવા જ છે. ૨૮-૨૯

એવાને સ્વાર્થ વિનાનું કોઈ જીવન ક્યાંય ના,
નર્યા શા સ્વાર્થમાં રાચે ગાંડાતૂર થઈ જ ત્યાં !
છતાં એવાય તે સ્વાર્થે 'હેતુ શો જીવવાતણો',
ઊંડું ઊંડું વિચારાતાં તેવું અંતરમાં ઘણું
-એવી વિચારમાળાની થાય જ્યારે અનંતતા,
ત્યારે ઊર્ધ્વતણો સ્વાર્થ એવાને લાગી જાય ત્યાં. ૩૦-૩૨

સ્વાર્થમાં પ્રકૃતિકેરા એક પછીથી એક જે
-વારાફેરા બહુ કેવા આવ્યા તે કરતા રહે !
તેમાંથી છૂટવા વારો કેમે કર્યો ન આવશે,
લગાતાર શું એમાં ને એમાં લાગ્યા જશે જ તે. ૩૩-૩૪

સ્વાર્થમાં વૃત્તિઓ કેવી **જીવ**દશાની હોય છે !
ડહોળાવી નંખાવે તે આમથી તેમ જીવને,
અફળાવી મરાવે છે, ક્યાંના ક્યાંય જહીંતહીં,
ગોળ ગોળ ભમાવે છે, સંસારી સ્વાર્થ તો તહીં ! ૩૫-૩૬

કેવો માનવીને સ્વાર્થ સંસારના પ્રકારનો
-ભટકાવી મરાવે છે, ભેખડે આમ તેમ તો !
અનંતાનંત ચાલે છે, છતાં જેનો ન અંત છે,
ઠેરના ઠેર તો સ્વાર્થ સંસારે ચીટકાવી દે. ૩૭-૩૮

'સંસારી સ્વાર્થમાંથી તો પોતાની મેળ કોઈયે
-તરીને નીકળવું છે બ્હાર,' એવું ન જાણ્યું છે,
પ્રચંડ દિલ જિજ્ઞાસા જ્વાળામુખી સમી હ્રદે
-શી સળગેલ જેને છે, કૂંડાળાંથી તરી જશે,
તેવા તે એકલા માત્ર સંસારી સ્વાર્થપંથી જે
-આપમેળે થવા નોખા શક્તિસંપન્ન થાય છે. ૩૯-૪૧

સંસારી સ્વાર્થમાં ભાવ કદીયે નવ હોય છે,
માત્ર ત્યાં વૃત્તિ સંપૂર્ણ **જીવ**દશાની હોય છે,
ભાવમાં વૃત્તિનો અંશ મુદ્દલે નવ હોય છે,
શો ત્યાં દૃઢાવવા ભાવ શ્રેયાર્થીનો પ્રયત્ન છે ! ૪૨-૪૩

સ્વાર્થ પૂર્ણ સધાવાને વિચારો સ્વાર્થના બધા
-કેવા કેવા જ જન્મે છે, પડે આચરવા તદા,
સાધવા ત્યાં જતાં સ્વાર્થ, સ્વાર્થરત થવાય છે,
**જીવ**વૃત્તિતણી ઊંડી ગાઢતા ગાઢ શી બને ! ૪૪-૪૫

સ્વાર્થના કળણે ત્યારે ઊંડો ઊતરતો જશે,
રાચતો **જીવ** એમાં ને એમાં પાછો શું હોય છે ! ૪૬

કેવા કેવા પ્રકારો છે, સંસારી સ્વાર્થના જ તે,
એક એકથી ન્યારા તે કો' સાથે મળતા ન તે,
જુદા જુદા પ્રસંગોના સ્વાર્થ જુદા જુદા જ છે,
એકબીજાની સંગાથે સરખાવાય છે ન તે. ૪૭-૪૮

સંસારની ભૂમિકાઓ એક એકથી ઑર છે,
તેવા તેવા જ તે સ્વાર્થની ભૂમિકા શી જુદી છે !
સૌ સ્વાર્થ શા દઢાવે છે **જીવ**દશાની સાથ તે !
**એવા** સ્વાર્થ વિશે કોને **હરિ**ની ત્યાં પડી જ છે ? ૪૯-૫૦

સ્વાર્થમાં સ્વાર્થની વૃત્તિ વધારે દઢ થાય છે,
રાગમોહાદિ તે વિશે સતેજ શા બની રહે !
રાગદ્વેષાદિથી ત્યાં તો જકડાવાનું થાય છે,
સજ્જડ લેપ જેવું તે કેવું બંધન થાય છે ! ૫૧-૫૨

પોતાનો લાભ જેમાં છે, તેને સ્વાર્થ જનો ગણે,
સાધવા માત્ર તે સ્વાર્થ લોકો તૈયાર તુર્ત છે,
થવા તૈયાર ત્યારે ત્યાં ક્હેવું ના કોઈને પડે,
કેવા ત્યાં લોક દોડે સૌ, આળપંપાળ છોડીને ! ૫૩-૫૪


બૂમો શી સ્વાર્થની ખાલી માર્યા જે કરતા શું છ !
તેવાને સ્વાર્થનો સ્વાર્થ સાચો લાગેલ ના દીસે,
લાગેલો હોય જ્યાં સ્વાર્થ તેની ગતિ અપાર છે,
છાનોમાનો કદી એવો બેઠેલો ના જણાય તે. ૫૫-૫૬

❈

હરિ:ૐ

## અધ્યાય - ૩

# સ્વાર્થ માહાત્મ્ય



સંસારે સ્વાર્થ વિનાનું લેણદેણ કશું ન છે,
સંસારે સ્વાર્થ મોટામાં મોટો દેવ ખરો જ છે.

(અનુષ્ટુપ)

મહત્ત્વ સ્વાર્થનું મોટું સંસારમાં ખરેખરું,
અસ્તિત્વ એકલું માત્ર સંસારે સ્વાર્થનું જ છે,
સંસારે સ્વાર્થ વિનાનું લેણદેણ કશું ન છે,
સંસારે સ્વાર્થ મોટામાં મોટો દેવ ખરો જ છે. ૧-૨

સ્વાર્થ પ્રવાહમાં લોક કેવા તણાય છે બધા !
આમથી તેમ કેવા તે અથડાયા કરે સદા !
સ્વાર્થ આગળ સંસારે કોઈની ના સ્વતંત્રતા,
સ્વાર્થ મહત્ત્વની સાચી સંસારે વાત સર્વદા. ૩-૪

સ્વાર્થથી કોઈ ના મુક્ત ના અપવાદ તે વિશે,
ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકાતણોય સ્વાર્થ હોય છે,
શો પરમાર્થનો સ્વાર્થ નિષ્કામ કર્મનોય તે
-સ્વાર્થ લાગેલ છે સૌને જ્યાં ત્યાં શો પ્રસરેલ તે ! ૫-૬

નિમ્ન, શ્રેષ્ઠ પ્રકારો છે, સ્વાર્થના જગમાં બધે,
પરોવાયેલ જે સ્વાર્થ તેવો માનવી તે હશે,
સંસારે સ્વાર્થ તો કેવી મોટામાં મોટી વસ્તુ છે,
સ્વાર્થની આગળે સૌને નમ્યા વિના ન ચાલશે. ૭-૮

સ્વાર્થનું કેવું ચાલે છે ! વર્ચસ્વ સ્વાર્થનું બધે,
સ્વાર્થ જેવું બીજું ક્યાંયે કો ના ધક્કેલનાર છે,
જેમાં તેમાં બધાંમાં તો શો સર્વોપરી સ્વાર્થ છે !
બોલ્યાચાલ્યા વિના કર્મ જાણતો સાધવાનું તે. ૯-૧૦

સંસારે સ્વાર્થ કોઈ ને કોઈ પ્રકારનો ખરે
-બધાંને જ રહેવાનો, એથી બાકી ન કોઈ છે,
સ્વાર્થથી દુનિયા સર્વ સંકળાયેલ કેવી છે
-એકબીજાથી સંસારે સ્વાર્થરસે પરસ્પરે ! ૧૧-૧૨

જડ, અજડ જીવે છે, સંસારે સ્વાર્થને લીધે,
સ્વાર્થ કેવો બધાંનો છે નિયંતા વિશ્વમાં ખરે,
ટબારો સ્વાર્થને લીધે જેનો તેનો જ ચાલતો,
સંગાંસંબંધીનો સાથ સ્વાર્થ લીધે ખરેખરો. ૧૩-૧૪

જે તે નભી રહેલું છે, વિશ્વમાં સ્વાર્થને લીધે,
છે વ્યવહાર સંસારે માત્ર શો સ્વાર્થ કારણે !
જગે શરીર અસ્તિત્વ સ્વાર્થ લીધે ખરેખરું,
જે જે હયાત છે તે તે અસ્તિત્વ સ્વાર્થને લીધે. ૧૫-૧૬

જિજીવિષા લીધે જીવે બ્રહ્માંડે સર્વ કોઈ જે,
બધાંના જીવવામાં તો મૂળમાં માત્ર સ્વાર્થ છે,
જીવાદોરી બધાંનીયે સંસારે સ્વાર્થની જ છે,
સ્વાર્થ વિના બીજું મોટું ક્યાંય કૈં વિશ્વમાં ન છે. ૧૭-૧૮

**હરિ** સર્વત્ર જ્યાં ત્યાં છે, કોઈ ઠામ ન ઠાલું છે,
તેવું જ સ્વાર્થનું જાણો, સ્વાર્થ જ્યાં ત્યાં રહેલ છે,
**હરિ** પોતે છૂપો શો છે ! સ્વાર્થ તો કિંતુ સ્પષ્ટ છે,
જણાતો **હરિ** ક્યાંયે ના, કિંતુ સ્વાર્થ જણાય છે. ૧૯-૨૦

અનાદિ કાળથી સ્વાર્થ લાગુ પડેલ જીવને,
કેવો અખંડ તો સ્વાર્થ અતૂટ ને અજોડ છે !

અખંડાકાર સંસારે ધારા **ए**ની વહેતી છે,
હોવા છતાં સ્વયંભૂ **તે** તેવો લાગે ન તેમ **તે**. ૨૧-૨૨

સ્વાર્થ છે એકલો પોતે **ए**ના સંગાથી તે છતાં,
કેવા જુદા જુદા **ए**ના સાથે મળતિયા બધા ! ૨૩

શો પરાત્પર છે સ્વાર્થ **ए**ને ના આદિ, અંત છે,
છતાં શાંત થતો **તે** છે, જો **हरि**માં વળેલ તે. ૨૪


પોતાને તે વિના પોતે કશો આધાર ક્યાંય ના,
પોતે હોવા છતાં જ્યાં ત્યાં છતાં શો નિજ કેંદ્રમાં !
જેમાં તેમાં પ્રવર્તે છે, **ए**ને સંબંધ જ્યાં હશે,
વિના સંબંધ તો **ए**ની દાળ સ્હેજે ગળે ન છે. ૨૫-૨૬

❊

હરિ:ૐ

# અધ્યાય - ૪

# સ્વાર્થ સાધના



જેવા પ્રકારનો સ્વાર્થ તેવું ત્યાં પરિણામ છે,
વલણ, વૃત્તિ ને દૃષ્ટિ તેમાં તે તે પ્રકાર છે.

(અનુષ્ટુપ)

સ્વાર્થમાં આંધળા જેઓ સંપૂર્ણ બની જાય છે,
અવગુણો, ગુણોકેરું કશું ના મૂલ્ય તેમને,
સધાયે જે રીતે સ્વાર્થ યોગ્ય અયોગ્ય કૈં કશું
-જોવા તેવા ન બેસે છે, એવા સ્વાર્થપટુ શું તે ! ૧-૨

જીવતું જાગતું જેને સ્વાર્થનું ભાન હોય છે,
સફાળો જાગીને તેવો કામે શો વળગી જતો !
નકામો કાળ ખોવાનું એને પાલવતું ન છે,
લગાતાર રહે મંડ્યો એકધારો જ કર્મમાં. ૩-૪

સ્વાર્થ સંસારનો જે છે, ભલે નિમ્ન પ્રકાર તે,
કિંતુ શા સ્વાર્થનાયે છે, જુદા જુદા પ્રકાર જે !
ઊર્ધ્વ પ્રકારનો સ્વાર્થ સાધવા અર્થ તે હૃદે,
મૃત્યુ હથેળીમાં એણે હર્ષથી રાખવું પડે. ૫-૬

ન્યાય, અન્યાય ના જાણે સ્વાર્થ તો સાધવાપણે,
પાછો કોઈક તો સ્વાર્થ હોમાઈ છો જવાતું છે,
છતાંયે યોગ્યતાપૂર્ણ જાળવે સાધવા જતે,
નિમ્ન, મધ્યમ ને ઊર્ધ્વ કૈંક એવા પ્રકાર છે,
સ્વાર્થના જીવને કેવા પલટાઓ અનેક છે,
એકબીજાથી તો શા ત્યાં ઊંધાચત્તા પ્રવાહ જે ! ૭-૯

**જીવ**દશાની વૃત્તિ શી સ્વાર્થમાં ગાઢ થાય છે,
ઊર્ધ્વ પ્રકારના ગુણો વાપર્યે ક્ષીણ થાય તે,
સ્વાર્થ તે સ્વાર્થ ના માત્ર, સીડી તે ચઢવાતણી
-ઊંચે ઊંચે શું આકાશે ! જો હેતુજ્ઞાન તે વિશે. ૧૦-૧૧

જેવા પ્રકારનો સ્વાર્થ તેવા સંસ્કાર તો પડે,
એકધારા લગાતાર સંસ્કાર જે પડ્યા કરે,
નિશ્ચિત તે પ્રમાણેનું જીવન તો થવાનું છે,
તેથી સંસ્કારનું ઊંડું જીવને તો મહત્ત્વ છે. ૧૨-૧૩

ઊર્ધ્વ પ્રકારના તેથી જો એકસરખા ઊંડા
-પડ્યા કરે જ સંસ્કાર, તેવા સંસ્કાર તો સદા
-પ્રેરાવાને જ ધક્કેલે વેગે તેવા પ્રકારના
-જીવને, તેથી સંસ્કારનું મહત્ત્વ ઘણું જ છે. ૧૪-૧૫

સ્વાર્થને નાથવો પ્રેમે ધૂંસરીએ **હરિ**તણી,
તો જ સંપૂર્ણ તો મુક્ત થવાય દિલ સ્વાર્થથી,
કોઈક વીરલા ભાગ્યે સદ્‌ભાગી ને ખરેખરા,
તેવા જ સ્વાર્થને નાથી શકે **હરિ**પદે પૂરા. ૧૬-૧૭

અનેક રીતના સ્વાર્થ, સ્વાર્થમાંયે પ્રકાર છે,
શ્રેષ્ઠ, મધ્યમ ને નિમ્ન, કનિષ્ઠ ને અયોગ્યયે,
આત્મકલ્યાણનો સ્વાર્થ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સ્વાર્થ તે,
સ્વાર્થનો માત્ર તે સાચો એકલો યોગ્ય અર્થ છે. ૧૮-૧૯

સ્વાર્થના ઊર્ધ્વના ક્ષેત્રે ગુણ ને ભાવ, શક્તિ તે
-હેતુથી વપરાતાં તો અર્થ ત્યાં બદલાય છે,
લાગતાં સ્વાર્થમાં સ્વાર્થ ઊંડામાં મૂળ તે ઊંડો
-'સ્વ'નો ત્યાં અર્થ તો શુદ્ધ સ્વરૂપે પલટાય શો ! ૨૦-૨૧

જ્યાં જ્યાં છે સ્વાર્થ, ત્યાં હેતુતણી સભાનતા શી છે !
એને ફળાવવાકેરો ધક્કેલો હોય **એહ**ને,

સ્વાર્થથી કરવાનું જે તે કર્યા કરવા વિશે
-લગાતાર રહે મંડ્યો, કર્મ સાધક સ્વાર્થ છે ! ૨૨-૨૩

આત્માને પ્રીછવાકેરો લાગેલ સ્વાર્થ જેહને,
મનન ચિંત્‌વને તેમાં **તે** આઠે પ્‌હોર શો રમે !
તેમાંથી ઊગતાં ભાવ તે અખંડિત જ્યાં થતાં,
આત્માનો સ્વાર્થ પ્રત્યક્ષ જીવંતો થાય છે તદા. ૨૪-૨૫

સ્વાર્થ કેવું મથાવે છે, જેને લાગ્યો ખરેખરો,
એકીટશે પ્રયત્નોમાં એકધારો દૃઢાવતો,
એક ને એકમાં ઊંડું પરોવાવી મનાદિને
-તારતમ્ય ઊંડું ઊંડું સ્વાર્થનું ત્યાં પમાય છે. ૨૬-૨૭

જેવા પ્રકારનો સ્વાર્થ તેવું ત્યાં પરિણામ છે,
વલણ, વૃત્તિ ને દૃષ્ટિ તેમાં તે તે પ્રકાર છે,
ગુણ, ભાવ અને શક્તિ સ્વાર્થનો જે પ્રકાર છે
-પ્રમાણે વપરાતાં તે, ફળાવે સ્વાર્થ તે રીતે. ૨૮-૨૯

સ્વાર્થમાં સ્વાર્થની રીતે જે તે સૌ વપરાય છે,
જેવા પ્રકારનો સ્વાર્થ ઊતરે ફાલ તે રીતે,
સધાયા વિણ સંપૂર્ણ સ્વાર્થ મૂકી કશું ન દે,
કરી પ્રાપ્ત પૂરેપૂરું સોડ **તે** પછી તાણશે. ૩૦-૩૧

સ્વાર્થને સ્વાર્થનું કર્મ રસ શો સાધવા વિશે !
એકાકાર લગાતાર સંકળાયેલ તે વિશે,
નિરાશા મળતાં સ્વાર્થ હાથ જોડી ન બેસી ર્‌હે,
ફરી પાછો ઊભો થૈ તે ચાલવા માંડતો પથે. ૩૨-૩૩

પૂછડું પકડેલું તે કેમે કર્યો મૂકી ન દે,
તંત જે પકડેલો છે, સ્વાર્થને તેનું લક્ષ છે,
સ્વાર્થમાં પલટા કેવા કંઈક પલટાય છે,
કિંતુ ત્યાં સ્વાર્થ તો લક્ષ્ય ચૂકવે નિજનું ન તે. ૩૪-૩૫

જીવને સ્વાર્થ તો કેવાં કેવાં કર્મ કરાવતો !
આપત્તિ, વિઘ્ન, મુશ્કેલી ટાણે કેવું કુદાવતો !
સ્વાર્થને કેટલી હોંશ સોંસરવું જવાતણી !
આરપાર જવાની છે, સ્વાર્થને માત્ર નેમ શી ! ૩૬-૩૭

'આગળ આવવા માટે પંથે ઝઝૂમવાનું છે,'
ગતાગમ બધી તેની સ્વાર્થને ખાસ હોય છે,
હારી જતાં, ગળિયો **તે** કદી થઈ જતો નથી,
થઈ, થઈ, ફરી ઊભો રણાંગણે લડે મથી. ૩૮-૩૯

જેને સ્વાર્થ પૂરેપૂરો ઊંડો લાગેલ હોય છે,
તેવાને ખાલી ખાલી તે જિંદગી લાગતી ન છે,
સ્વાર્થને રસ સંપૂર્ણ જીવન જીવવા વિશે,
કેમ કે કર્મ સંપૂર્ણ તેને તો સાધવાનું છે. ૪૦-૪૧

'જિંદગી અર્થની કેવી સભર થૈ ગયેલ છે !'
સ્વાર્થને લાગતું ઊંડું જીવવા અર્થ કેવી તે !
પતે જ્યાં સ્વાર્થને સ્વાર્થ લેવાદેવા કશી ન છે,
પછીથી તે પ્રમાણે તો સ્વાર્થ શો વર્તતો જ છે ! ૪૨-૪૩

સંગ્રામ ખેલી ખેલીને બેવડ સ્વાર્થ શો વળ્યો !
છતાં સ્વાર્થ ન થાક્યો છે, શ્રમ કેવો કર્યે જતો !

થાક ખાવા કદી બેસે છતાં મનન સ્વાર્થનું
-સ્વાર્થમાં એકધારું તો ચાલ્યા કેવું કરે ઊંડું ! ૪૪-૪૫

શો નિષ્પલક નેત્રોથી રસે સ્વાર્થ મથ્યા કરે !
સધાયે સ્વાર્થ જ્યાં જ્યાંથી ત્યાં ત્યાં **એ**ની શી દૃષ્ટિ છે !
ખપ વિના કશામાં તે ચિત્ત ક્યાંયે જવા ન દે,
જ્યાં ત્યાંથી લગની **એ**ને સાધવામાં શી મસ્તી છે ! ૪૬-૪૭

કેટલી વાર તો સ્વાર્થ શો જખમી થયેલ છે !
ચસકો સ્વાદનો **એ**નો એથી ઓછો થયો ન છે,
જવાંમર્દી કશી ઓછી સ્વાર્થની ના થતી જ છે,
લગાતાર તદાકાર શો એકરસ સ્વાર્થ છે ! ૪૮-૪૯

કબૂલે હાર ના સ્વાર્થ મંડ્યા રે'વાનું માત્ર **તે**
એકલું સ્વાર્થ જાણે છે, ગમે તેવી દશા વિશે. ૫૦

સધાતાં સુધી સંપૂર્ણ સ્વાર્થ કેવો મથ્યા કરે !
તડકો, ટાઢ ના જાણે રાત્રિ, દિવસ ના જુએ,
કામ ને બસ તે કામ **એ**ને તો કરવું ગમે,
ઊંઘડા, સ્વાર્થ લેવાનું ચૂકતો ના, પડી રહ્યે. ૫૧-૫૨

દિવ્ય દેશતણો સ્વાર્થ પુરુષાર્થ કરાવશે,
તે પુરુષાર્થથી ભક્તિ અનેરી દિલ લાગશે,
લાગતાં, લાગતાં ભક્તિ બુદ્ધિમાં ભક્તિ સ્પર્શશે,
ત્યારે તેવી શી બુદ્ધિમાં તર્ક, દલીલ વામશે. ૫૩-૫૪

ખોવાઈ છો જવાતું છે, સંપૂર્ણ જગમાં ભલે,
કિંતુ જે સાચવી રાખે ગુણલક્ષ્મી, ખરું જીવે,

સધાવા ત્યાં જતાં સ્વાર્થ નિમ્નમાં નિમ્ન જે પદે
-ઊતરવાપણું આવે, શ્રેયાર્થી અટકી પડે,
**એ**વાને કારમું મૃત્યુ તે પળે ભેટવા ખડું
-જાણે પ્રત્યક્ષ ઊભું છે, દિલમાં તેવું લાગતું. ૫૫-૫૭

સ્વાર્થમાં સ્વાર્થી હોવું તે સંપૂર્ણ, ના જરૂરી તે,
પ્રામાણિકપણે સ્વાર્થ શકાતો સાધી હોય છે,
ઢગલાબંધ લક્ષ્મીને ભલે ભેગી ન તે કરે,
કિંતુ જે સ્વાર્થમાં શ્રેય વર્તે જીવન તે તરે. ૫૮-૫૯


ઉત્તમોત્તમ જે ગુણો સ્વાર્થકેરા જ વિષયે
-વાપરવાની સંપૂર્ણ જેને છે દક્ષતા હૃદે,
કળા જીવનની તેવાતણી ખીલતી ઑર છે,
સ્વાર્થી છતાં જ કેવી તે છે પરમાર્થી જીવને ! ૬૦-૬૧

❈

હરિ:ૐ

## અધ્યાય - ૫

# સ્વાર્થ સ્વરૂપ



ભૂમિકા સ્વાર્થની જેવી તેવું તેવું સ્વરૂપ છે,
તે પ્રમાણે મથાવાનું સંસારે થતું હોય છે.

(અનુષ્ટુપ)

સ્વાર્થ ઉત્કટ માત્રામાં જ્યાં વિશેષપણે જ છે,
ત્યારે કેવી જલે જ્વાળા તાલાવેલીની અંતરે ! ૧

સાધવા સ્વાર્થ હૈયામાં શો તલસાટ હોય છે !
એ તલસાટથી કેવું ગતિશીલ થવાય છે ! ૨

ભૂમિકા સ્વાર્થની જેવી તેવું તેનું સ્વરૂપ છે,
તે પ્રમાણે મથાવાનું સંસારે થતું હોય છે. ૩

હૈયે ઊંડો ઊંડો સ્વાર્થ લાગેલો જ્યાં ખરેખરો,
તે કરાવ્યા વિના ર્‌હે ના ગતિ કેમે કરી તહાં. ૪

પાંગળો ને લૂલો ના છે, સ્વાર્થ કોઈ રીતે જ તે,
સ્વાર્થની પાંખના તો શા અદ્‌ભુત કૈં પ્રકાર છે ! ૫

જેવો છે સ્વાર્થ સંસારે બુદ્ધિ તેવા પ્રકારની,
કહેતા લોક જાણ્યા છે, સ્વાર્થને આંધળો વળી ! ૬

જ્યાં આછોપાતળો સ્વાર્થ દૃષ્ટિ વેરવિખેર છે,
એકાગ્રતા ન ત્યાં થાય ચોમેર ભટકાય તે. ૭

કોઈ ને કોઈ કોઈ છે સ્વાર્થ જીવનમાં સદા,
ઊંચોનીચો ભલે તે હો કિંતુ શો સ્વાર્થ હોય ત્યાં !
સ્વાર્થ શો એકલો માત્ર રસ છે જીવવાતણો
-તે કેટલાંકને ભારે, જીવને અનિવાર્ય શો ! ૮-૯

જીવનમાં વિના સ્વાર્થ કોઈ જીવી શકે ન તે,
સૌ સૌના સ્વાર્થની વ્યાખ્યા જુદી જુદી શી હોય છે !

સૌ સોની સ્વાર્થમાં કેવી સૌ સમજણ જુદી છે,
એકબીજાતણો સ્વાર્થ ના એકસરખો જ તે. ૧૦-૧૧

કામક્રોધાદિ, મોહાદિ, લોભાદિ, વાસનાદિના
-જુદા જુદા નર્યા એવા સ્વાર્થ શા કૈંક જાતના !
ગુણદ્વંદ્વ ભૂમિકાના ઠેરના ઠેર સ્વાર્થ તે
-માનવીને રખાવીને કૂંડાળે એ જ પાડશે. ૧૨-૧૩

ગુણદ્વંદ્વ વિના સ્વાર્થ અનંતાનંત જીવને,
અનેકાનેક કેવા તે વિધવિધ સ્વરૂપ છે !
તે મર્યાદા વિનાના છે, જેનો છેડો ન ક્યાંય છે,
એના એ જ કૂંડાળાંમાં ફસાવ્યા **જીવ**ને કરે. ૧૪-૧૫

પ્રકૃતિની ભૂમિકાના સ્વાર્થનો અંત ક્યાંય ના,
એનાં અનેક કૂંડાળાં મોહવાળાં ફસામણાં,
તે સ્વાર્થે **જીવ** એમાં ને એમાં કેવો તણાય છે,
જાણે પાછું કરે પોતે શું ભગીરથ કર્મ તે ! ૧૬-૧૭

પ્રકૃતિની શી સંગાથે સ્વાર્થ જે નિમ્ન કોટિનો
-જકડાવી રખાવીને પ્રકૃતિમાં રમાડશે,
ઉત્તરોત્તર શા એવા સ્વાર્થના તો પ્રકાર છે !
સ્વાર્થમાં નિત્ય તો કેવા લોક રમ્યા કરે શું તે ! ૧૮-૧૯

પ્રકૃતિ નિમ્ન ક્ષેત્રનો સ્વાર્થ ના સ્વસ્થ હોય છે,
પ્રકૃતિથી ઊંચા ક્ષેત્રનો સ્વાર્થ શો પ્રશાંત છે !
*પ્રકૃતીતરનો સ્વાર્થ સ્વસ્થ, શાંત, પ્રસન્ન છે,
ધાંધલિયાપણું પૂર્ણ નિમ્ન તે સ્વાર્થને શું છે ! ૨૦-૨૧

* પ્રકૃતિ+ઇતર=પ્રકૃતીતર=પ્રકૃતિથી ઇતર.

શો જોડાયેલ છે સ્વાર્થ પ્રકૃતિ સાથ મૂળથી !
સ્વયંભૂ પ્રકૃતિ જેમ સ્વાર્થનું તેમ આપથી,
સ્વાર્થનું મૂળ સંસ્કાર, કિંતુ પ્રકૃતિમાંય તે
-સ્વયંભૂ છે સમાયેલા, અનાદિ તેથી તેય છે. ૨૨-૨૩

તોળે જે હિત પોતાનું સ્વાર્થને સાધવા પળે,
સ્વાર્થમાંથી ફળે કેવી રીતે, હિત વિચારીને
-ભર્યાં જે ડગલાં યોગ્ય કરે, તેવા વિવેકી જે
-સ્વાર્થમાં તે નરાતાર ડૂબી જતા ન સાવ તે. ૨૪-૨૫

જે જે પ્રકારનો સ્વાર્થ સધાતાં જે જતાં જતાં,
તે તે જાતની ભૂમિકા દઢાતાં તે જતી તદા,
ઉત્કટ સ્વાર્થ જેમાં છે, તેવા વિષયમાં ઊંડું
-ઊતરાતું જવાતું છે, ને હાર્દ મળતું જતું. ૨૬-૨૭

કશું કર્મ ઊંડો સ્વાર્થ લાગ્યા વિના થતું ન છે,
તેથી કશુંક જે તે કૈં થવા સ્વાર્થ જરૂરી છે,
તો અનુભવવા આત્મા જરૂરી સ્વાર્થ મૂળમાં,
સ્વાર્થ પરત્વની કેવી કર્મની ગતિ હોય ત્યાં ! ૨૮-૨૯

કેવા સ્વાર્થની માત્રાના જુદા જુદા હિસાબ છે,
ઓછાવત્તા, ઊંચાનીચા સ્વાર્થનાયે પ્રકાર છે,
જેવો જેવો જ હો સ્વાર્થ તેવા તે કર્મને વિશે
-પરોવાયેલ સૌ રહે છે, એવો શો ક્રમ સ્વાર્થને ! ૩૦-૩૧

સાત્ત્વિક હોય છે સ્વાર્થ, હોય છે સ્વાર્થ રાજસી,
તામસિક વળી પાછો હોય છે સ્વાર્થ સ્વાર્થથી,

તેનાથીયે ઊંચા ઊંચા દરજ્જાનોય સ્વાર્થ છે,
શો વાચાતીત તે સ્વાર્થ ! શો નિરાકાર સ્વાર્થ તે ! ૩૨-૩૩

સ્વાર્થ પોતે જ શો તીવ્ર, મધ્યમ ને કનિષ્ઠ છે,
પ્રત્યેકમાંય શો પાછો ત્યાં તફાવત હોય છે !
રાચવા મા'લવા શક્તિ સંસારે સ્વાર્થને લીધે,
અનાદિ કાળથી ચાલે સંસાર સ્વાર્થ કારણે. ૩૪-૩૫

સ્વાર્થમાં સંકળાયેલાં સૌ પરસ્પર જીવને,
ચેતનાશક્તિનો અંશ સ્વાર્થમાં પણ ગૂઢ છે.
નિષ્કામ ભાવ છો હોય, છતાં શરીર જ્યાં સુધી
-એને નિમિત્ત, તે સ્વાર્થ છે સૂક્ષ્માતીત સૂક્ષ્મથી. ૩૬-૩૭

સંસારે સ્વાર્થની માયા અપરંપાર હોય છે,
તેમાં શા લપટાયેલા ભલભલા રમે જ છે !
કોઈને સ્વાર્થ ના છોડે, તેમાં ના અપવાદ છે,
એવો અજોડ શો સ્વાર્થ ! શો અદ્વિતીય સ્વાર્થ છે ! ૩૮-૩૯

સ્વાર્થમાં છે ત્રણે કાળ પરસ્પરે સળંગ છે,
એકબીજાની સંગાથે અવિચ્છિન્નપણે જ તે,
સંકલના જુદી જુદી કાળની થવી યોગ્ય ના,
શો એકાકાર છે કાળ આપમેળે જ સ્વાર્થમાં ! ૪૦-૪૧

એક પ્રકારના સ્વાર્થ થકી સ્વાર્થ બીજા પરે
-કેવાં માનવી તે દોડ્યાં કરંતાં લાગતાં જગે !
બધાયે સ્વાર્થમાં સ્વાર્થ **હરિ**માં મા'લવાતણો
-શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ, તે લાગે તો તો બેડો જ પાર છે. ૪૨-૪૩

સ્વાર્થ જ્યાં લાગતો ઊંડો એકધારું જ તે વિશે,
જેમ જેમ જિવાતું છે, ઊંડામાં ઊંડું અંતરે,
અનુભવ થતાંમાં ત્યાં અદીઠ, અણકલ્પ્યનો,
પછીના સ્વાર્થનો સ્વાદ શો **તે** અવર્ણનીય છે ! ૪૪-૪૫

જામતાં જામતાં સ્વાર્થ સંપૂર્ણ સ્થિત થૈ જતાં,
લાગવા માંડતો ત્યારે અનેરો રસ શો તદા !
સ્વાર્થે ત્યાં લપટાયેલા કેવા રે'તા નિરંતરે !
ત્યારે સ્વાર્થ વિના બીજું સૂઝે છે કશું કૈં ન તે. ૪૬-૪૭

સ્વાર્થની દુનિયા કોઈ અજબ જાતની જ છે !
આકર્ષાઈ જતા કેવા લોક તે સ્વાર્થને વિશે !
દીવે પતંગિયું જેમ આપમેળે કૂદી પડે,
લોક સ્વાર્થની માયામાં તેવી રીતે દોડ્યા કરે. ૪૮-૪૯

અદ્‌ભુત રચના ગૂઢ સ્વાર્થની સૂક્ષ્મ, સૂક્ષ્મ છે,
'શું થશે, ના થશે શું ?' તે સ્વાર્થ વિચારતો ન છે,
જાણે તે ઝંપલાવાનું પોતાની બાબતે ઊંડે,
પરિણામતણી ચિંતા સ્વાર્થ તો કરતો ન છે. ૫૦-૫૧

સ્વાર્થને ભાન પોતાનું એકલાનું રહ્યા કરે,
બીજું બધું બને ગૌણ, સ્વાર્થ શો એકલક્ષી છે !
સ્વાર્થમાં જે પડેલા છે, રચ્યાપચ્યા નિરંતરે,
ચિંત્‌વન સ્વાર્થનું માત્ર એને હૈયે રમ્યા કરે. ૫૨-૫૩

દશા આંટીઘૂંટીવાળી નરાતાર શી સ્વાર્થની !
છતાં શા ઝંપલાવે છે, સ્વાર્થમાં લોક પ્રેમથી !

નુકસાન કદી કેવું તેથી તો વેઠવું પડે,
છતાં છોડે ન છે સ્વાર્થ, કીમિયાગર સ્વાર્થ છે. ૫૪-૫૫

સ્વાર્થ જ્યાં લાગતો ઊંડો આઘુંપાછું કશું જ તે,
કાંઈ જોવા ન બેસે છે, સ્વાર્થ નિશાનબાજ છે,
સ્વાર્થ શો મોહી નાખે છે ! આંજી દે માનવી જગે,
પોતાને મળતાં સૌને સ્વાર્થ કેવો બનાવી દે ! ૫૬-૫૭

ખરેખરો ઊંડો ઊંડો જ્યાં છે લાગેલ સ્વાર્થ તે,
આડુંતેડું બીજું કાંઈ સ્વાર્થ જોતો કશું ન જે,
એકધારું ઝુકાવીને શું ઝંપલાવવાનું તે
-એકલું માત્ર જાણે છે, શો મતલબી સ્વાર્થ છે ! ૫૮-૫૯

એકલી શી પડી માત્ર સ્વાર્થને સ્વાર્થની જ તે !
એકલો માત્ર તે સ્વાર્થ સ્વાર્થને નીરખ્યા કરે,
'કેમ ફળાવવો સ્વાર્થ' એના ચિંત્વનમાં રમે,
પરોવાયેલ રે' બુદ્ધિ ત્યાં કેવી એક વિષયે ! ૬૦-૬૧

એકાક્ષી, એકલક્ષી જે એક ધ્યેયે જ યુક્ત છે,
સ્વાર્થ એવો નિરાળો છે, આધાર નિજનો જ છે,
સ્વાર્થ પોતાનું ખોળી તે લેવાને મશગૂલ છે,
સ્વાર્થમાં આપમેળે તો કેવી એકાગ્રતા ઠરે ! ૬૨-૬૩

સ્વાર્થમાં ગતિની દોટ છલંગો મારતી શી તે !
અટકવાનું કૈં ભાન કદી **એ**ને ન હોય છે,
કદીક વિઘ્ન, મુશ્કેલી નડંતાં, ખચકાય છે,
છતાં ત્યાંયે સ્ફુરાવીને જોશ આગળ તે વધે. ૬૪-૬૫

જે જે વચ્ચે નડે તેને દેવાને હડસેલી **તે**,
કેવો તત્પર સંપૂર્ણ ! હોશિયાર બધી રીતે,
કદીક જો ન ફાવે ત્યાં તો થંભીને વિચારીને
-ઉકેલના ઉપાયોને, સ્વાર્થ શો માર્ગ કાઢશે ! ૬૬-૬૭

પલાંઠીવાળી નિશ્ચિંતે બેસી રે'વાનું સ્વાર્થ તો,
સ્વાર્થને પાલવે છે ના, એવો **એ**ને સ્વભાવ શો !
સામે આવેલ જે કૈં હો તે સાથે યુદ્ધ ખેલવા,
શો મજબૂત છે સ્વાર્થ ! સંગ્રામવીર, મર્દ હા ! ૬૮-૬૯

સ્વાર્થીલો સ્વાર્થ તો હોવા છતાં, સ્વાર્થ નિરંતરે
-તાકવા હિત પોતાનું શો એકરત નિશ્ચયે !
ધારેલું પાડવા પાર ઉપાયો તે પરત્વના
-કામે લગાડતો સ્વાર્થ, કેવો ઉદ્યમશીલ ત્યાં ! ૭૦-એ

સ્વાર્થ તો લક્ષ્ય પોતાનું ભૂલેચૂકે ચૂકે ન તે,
કદી ભૂંસાઈ ના જાય **એ**નું તો ધ્યેય સ્‌હેજ એ,
જીવતો જાગતો પાકો શો સદાકાળ સ્વાર્થ છે !
આંટી દે સ્વાર્થને એવું હજી પાક્યું ન કોઈ છે. ૭૦-બી

ખબરદાર શો સ્વાર્થ ! તત્પર સ્વાર્થ નિત્ય છે,
કાર્યને સાધવા **એ**ના જેવો બીજો ન કોઈ છે,
શી ગલીકૂંચીઓ હોય સ્વાર્થની કોણ જાણશે ?
છતાંયે સ્વાર્થને એની પાકી સમજ હોય છે ! ૭૦-સી

કદીક કારમું થાય નુકસાન જ સ્વાર્થથી
-બીજાને, ન જોવા કૈં સ્વાર્થ તો બેસતો જ છે.

પોતાના એકલાનું તે ઝૂડ્યા નિત્ય કર્યા કરે,
જોવા બીજાનું તો **એ**ને ના ફુરસદ કૈં જ છે. ૭૧-૭૨

મનમાં પેસવા ના દે ખપ વિનાનું હોય જે,
એવો શો સ્વાર્થનો પાકો કાયદો મજબૂત છે !
નિશાન તાકવા સ્વાર્થ નાસિકાગ્રે શી દૃષ્ટિ તે
-એકીટશે ધરી રાખે, એવો શો સ્વાર્થ દક્ષ છે ! ૭૩-૭૪

પોતાના હાથમાં કેવો સ્વાર્થને દોર હોય છે !
ઘડીભર વીલો એને જરા **તે** મૂકતો ન છે,
જે ગમ વાળવો હો ત્યાં દોરને વાળવા વિશે,
ચાલાક સ્વાર્થ તેમાં શો પૂરેપૂરો સમર્થ છે ! ૭૫-૭૬

નજરચૂક તો સ્વાર્થ સાધવાનું જ હોય જે
-તેનાથી ના થવા દે છે, શો સાવધાન સ્વાર્થ છે !
ચડસ સ્વાર્થનો કેવો ઉત્તરોત્તર તો બઢે,
ખરેખરો નશો **એ**નો ઊતરી નવ જાય છે. ૭૭-૭૮

જેને સંસારમાં લાભ મહત્ત્વે મોખરે જ છે,
આત્માને મા'લવા જેને અગ્નિ શો તલસાટ છે,
હોય છે સ્વાર્થ બંનેને શા સ્વાર્થરત બે પૂરા !
બંનેના સ્વાર્થની વચ્ચે શો તફાવત મૂળનો ! ૭૯-૮૦

સ્વાર્થમાં શા સમાયેલા લાભ ને ગેરલાભ તે,
પરસ્પરે વણાયેલા પરસ્પરથી ના છૂટે,
કિંતુ શો સ્વાર્થ તો લાભ આશા લેવાની સેવશે,
ત્યાં જ પોતે પડે ભોંઠો દેખશે ગેરલાભ જ્યાં. ૮૧-૮૨

પોતાના સ્વાર્થની જાણ પોતાને પૂરી હોય છે,
બીજાના સ્વાર્થની જાણ થવી દુર્લભ હોય છે,
સ્વાર્થની સૂક્ષ્મમાં સૂક્ષ્મ કેવી ચુંગાલ હોય છે !
ફસાતાં તે વિશે ભારે મુશ્કેલ ત્યાં છુટાવું છે. ૮૩-૮૪

સ્વાર્થના જેવું તો બીજું કોઈ ના ગરજાળુ છે,
સ્વાર્થ પાછો પડે છે ના કોઈએ કર્મમાંથી તે,
ભલે સ્વાર્થ સધાતો ના તોયે તે સાધવાતણો,
-સ્વાર્થ ખંત મૂકી ના દે, ખંતીલો ઉદ્યમી જ શો ! ૮૫-૮૬

મળેલાં કર્મમાં સ્વાર્થ ઓતપ્રોત ખરેખરો,
લપ્પનછપ્પને બીજી સ્વાર્થને કોઈ કૈં ન તો,
સ્વાર્થમાં રસ સંપૂર્ણ સ્વાર્થને દિલ હોય છે,
શ્રેષ્ઠ લોભાવનારું હો છતાં તે સ્વાર્થ છોડીને
-તેમાં પ્રવેશશે ના **તે** શો નિષ્ઠાવંત સ્વાર્થ છે !
સ્વાર્થ સાથે વફાદારી **એ**ની સંપૂર્ણ હોય છે. ૮૭-૮૯

સ્વાર્થને સાધવાર્થે જે જાણી લેવાનું હોય છે,
સ્વાર્થને જાણી લેવાની કળા શી કોઈ ન્યારી છે !
નમતાં આવડે **એ**ને અદૂકડોય શો પડે !
જેવું થવું પડે **એ**ને વિના સંકોચ થાય તે. ૯૦-૯૧

સધાવા સ્વાર્થ સંપૂર્ણ ગુણો શા અનિવાર્ય છે !
ગુણોના ઉપયોગેથી શક્તિ શી તે બઢ્યાં કરે ! ૯૨

સધાતાં તે જતાં સ્વાર્થ ત્યારે જે નિજ ધારણા
-અંતરે ભાવનામાં તે પ્રેરાવાને મથે તદા,

એકએકથી કેવો તે ચઢિયાતો શું સ્વાર્થ છે !
સ્વાર્થમાં ભાવના તેથી ર્‌હેવું પરોવતાં હૃદે. ૯૩-૯૪

નકરો સ્વાર્થ હો છોને છતાં ત્યાં ઊર્ધ્વ ભાવના
-ર્‌હેવું ચઢાવતાં એમ સ્વાર્થ ઊર્ધ્વ થતો શું ત્યાં !
સ્વાર્થના ક્ષેત્રનું એવું ઊર્ધ્વીકરણ ભાવથી
-ભાવના સેવવાથી તે થતું જવાનું નિશ્ચય. ૯૫-૯૬

જે સ્વાર્થે ભાવનો હ્રાસ થાય તે સ્વાર્થ નિમ્ન છે,
ઉદ્રેક ભાવનો થાય જે સ્વાર્થે, સ્વાર્થ ઉચ્ચ તે,
કેળવાય ગુણો ઝાઝા વિશાળતા, ઉદારતા
-એવા એવા જ જેનાથી, તે સ્વાર્થ યોગ્ય, શ્રેષ્ઠ હા! ૯૭-૯૮

ઉત્કટ સ્વાર્થની માત્રા જેમ જેમ બઢ્યાં જતી,
તેમ તેમ તમન્નાની પારાશીશી ચડે ઊંચી,
જિજ્ઞાસાના સમો કોઈ જે ના સદ્‌ગુરુ અન્ય છે,
તમન્ના સ્વાર્થની, વિદ્યા, કળા, કૌશલ પ્રેરશે. ૯૯-૧૦૦

એક તે જાતના સ્વાર્થથી બીજો સ્વાર્થ જન્મશે,
ઉત્તરોત્તર તો એમ પરંપરા શી સ્વાર્થ છે !
ચઢાણ સ્વાર્થનું જેમ ઉત્તરોત્તર ઊર્ધ્વ છે,
સૂક્ષ્મમાં સૂક્ષ્મ કેવો તે સ્વાર્થ થતો જતો જ છે ! ૧૦૧-૧૦૨

ઊર્ધ્વમાં ઊર્ધ્વ કક્ષાનો સ્વાર્થ આત્મપ્રકાશ છે,
ચેતનાશક્તિનો વ્યક્તભાવ, તે શ્રેષ્ઠ સ્વાર્થ છે,
જીવન માનવીનું જે મળ્યું તે હેતુ અર્થ છે,
હેતુ ફળાવવા તે શો સ્વાર્થ લાગ્યો હતો હૃદે. ૧૦૩-૧૦૩-એ

સ્વાર્થની ભૂમિકાઓ સૌ પ્રત્યેક જુદી જુદી છે,
પ્રત્યેકનો નવો દેશ, ફતવા શા નવા જ છે !
નિમ્ન ને ઊર્ધ્વ બે સ્વાર્થ વચ્ચે સંગ્રામ થાય જે,
ઊર્ધ્વ સ્વાર્થ વિશે જેની તમન્ના-આગ, જીતશે. ૧૦૪-૧૦૫

સ્વાર્થ સ્વયંભૂ પોતે છે, પોતાનો સદ્ગુરુ હૃદે,
પ્રવેશી અંતરે પ્રેરે હૈયાસૂઝ, કુનેહ તે,
કશું ના આવડે એવું સ્વાર્થને તો કંઈ ન છે,
સદ્ગુરુ સ્વાર્થના જેવો બીજો પ્રત્યક્ષ કો ન છે. ૧૦૬-૧૦૭

સ્વાર્થ પૂરો થતાં તોયે સ્વાર્થ પૂરો થતો ન છે,
એક પછીથી શી એક સ્વાર્થ પરંપરા જ છે !
એક સ્વાર્થ સધાતાંમાં ઊર્ધ્વ બીજો ઊભો જ છે,
કેવા કેવા ચઢિયાતા ચઢંતા દિવ્ય પંથ તે ! ૧૦૮-૧૦૯

ગમા, અણગમા બંને સ્વાર્થને પણ હોય છે,
વિવેક વાપરી તેમાં જીવને વર્તવાનું છે,
ધ્યેયનો હેતુ જેનાથી સધાય, તે રીતે પથે
-કૃપાથી લક્ષ ધારીને ભરાયાં ડગ આગળે. ૧૧૦-૧૧૧

સ્વાર્થ જ્યાં દિલ લાગંતાં કેવો ચડસ ઊછળે !
ધસી, ધસી, ધસારો શો ત્યારે થતો જતો જ છે !
ગતિ, સ્ફૂર્તિ, વળી હોંશ, ઉત્સાહ, પ્રેરણા હૃદે,
અનોખાં ઢબનાં કેવાં કેટલાં કેટલાં બઢે ! ૧૧૨-૧૧૩

કેટલી બધી ખામોશી છે સ્વાભાવિક સ્વાર્થને,
કેટકેટલું તો ધૈર્ય સ્વાર્થને હોય અંતરે,
સારું, નઠારું ના કાંઈ સ્વાર્થને મન હોય છે,
એકતાન રહેવાનું કર્મમાં સમજે જ **તે**. ૧૧૪-૧૧૫

જીરવવા ગમે તેવું શક્તિ **એ**ની અપાર છે,
સ્વાર્થ ખોટું લગાડે છે, કશું ના કોઈના પરે,
વળી વંકાઈ ના જાય, કંટાળો ના કશો જ છે,
સ્વાર્થ એકલપેટો શો ! જેનો જોટો કહીં ન છે. ૧૧૬-૧૧૭

સ્વાર્થ વિના બીજું કોઈ સ્વાર્થ તો ધારતો ન છે,
સ્વાર્થમાં શો પરોવાઈ, સ્વાર્થમાં ગુલતાન છે,
થઈ જઈ પૂરેપૂરો એકરાગ ખરેખરો,
સ્વાર્થના વિષયે સ્વાર્થ **તે** એકરત મસ્ત શો ! ૧૧૮-૧૧૯

સ્વાર્થનો અંત ના'વે છે, સંસારે કોઈ દિવસે,
પોતે અનંત શો છે ! ના છતાં, તેવો જણાય છે,
**તે** આડખીલી વિઘ્નોથી કદીક ડગી જાય છે,
છતાં પાછો, થતાં **એ**ને ઊભો, વાર કશી ન છે. ૧૨૦-૧૨૧

સ્વાર્થને સાધવા કેવા શા ભયંકર સામના
-કરવા પડતા ! થાય કેવો મુકાબલો શું ત્યાં !
પાછી પાની સમો જોઈ કરે, વળી નમી પડે
-એવો સ્વાર્થ સમો કોઈ બીજો પાકો ન કોઈ છે. ૧૨૨-૧૨૩

જ્યારે જીવનમાં સ્વાર્થ આવી પડે ખરેખરો,
ઉત્તેજિત થતો ત્યારે સ્વાર્થ કેવો હૃદે ઊંડો !
**એ**ની બરોબરી ત્યારે કોઈ કરી શકે ન છે,
મહાન શક્તિવાળો શો **તે** બની જાય તે પળે ! ૧૨૪-૧૨૫

જ્યારે તે સ્વાર્થ લાગે છે, ઊંડે ઊંડો શું અંતરે !
સ્વાર્થ પરત્વનું જે તે ઊગે છે આપમેળ તે,
ભૂમિકા મૂળની જેવી સ્વાર્થનું તેવું રૂપ છે,
ભૂમિકાની પ્રમાણેનો સ્વાંગ શો સ્વાર્થ તો ભજે ! ૧૨૬-૧૨૭

ઉત્કટ સ્વાર્થની માત્રા જ્યારે લાગેલ હોય છે,
આડુંતેડું કશું જોવા ત્યારે તે બેસતો ન છે,
ઓછું **एने** કશી વાતે આવે ત્યારે કંઈ ન તે,
બીજાથી સાધી લેવામાં સ્વાર્થ શો હોશિયાર છે ! ૧૨૮-૧૨૯

'જ્યાં ત્યાં ભટકવામાં કૈં હેતુ વિનાનું ખાલી તે',
સ્વાર્થ તો કૈં ન જાણે તે, શો એકપક્ષી સ્વાર્થ છે !
ઊંડી ખરેખરી નેમ નિશાનધારી સ્વાર્થની,
'ચૂકે નિશાન તે બીજો' એવો તે સ્વાર્થ હોય છે. ૧૩૦-૧૩૧

પરોવાયેલ જ્યારે હો સાધવામાં જ કર્મ તે,
તેના જેવો બીજો મર્દ કોઈ ના શૂરવીર છે,
તે કાળે ગુણ ને શક્તિ **एनां** શાં પ્રગટ્યાં કરે !
સ્વાર્થને ઊડવા પાંખ ગગનગામી હોય છે. ૧૩૨-૧૩૩

જીવને સ્વાર્થને જ્યારે હોય છે સાધવાનું કૈં,
પોતાને એકલો ત્યારે સ્વાર્થ ત્યાં માનતો ન છે,
એના બે બાહુમાં ત્યારે બળ હજાર હાથનું !
એવો શો પટુ છે સ્વાર્થ ! સ્વાર્થ પોતે નર્યો પૂરો. ૧૩૪-૧૩૫

કાબેલ સ્વાર્થના જેવો પોતાનું સાધવા વિશે
-બીજો કોઈ ન છે, એવો દક્ષ શો સ્વાર્થ પૂર્ણ છે !
ન્યાયઅન્યાય જોવાને આંખો તો સ્વાર્થને ન છે,
એકલક્ષી પૂરો પાછો એકપક્ષી શું સ્વાર્થ છે ! ૧૩૬-૧૩૭

સ્વાર્થને ના કશો લાગે લજ્જાનો પરિતાપ શો !
સ્વાર્થને તો છતાં કેવો અજંપો છે ભભૂકતો !

કદીક સ્વાર્થને ભાગે આવે છે તપવાનું કૈં
-છતાંયે સાધવામાંથી પાછો સ્વાર્થ પડે ન છે. ૧૩૮-૧૩૯

સ્વાર્થને સાધવા લોક રાખે બાકી કંઈ ન જે,
તપ, ત્યાગ, પુરુષાર્થ જે તે સૌ બનતું કરે,
કોઈ વાર નિરાશાનાં વમળે સપડાય **તે**,
ફાંફાં નીકળવાનાં શાં ત્યારે મારે અનેક **તે** ! ૧૪૦-૧૪૧

કદીક બ્હાવરો સ્વાર્થ કેવો **તે** બની જાય છે !
યોગ્ય કુનેહ, કૌશલ્ય ત્યારે શો ચૂકી જાય છે !
સ્વસ્થતા પક્વ સંપૂર્ણ શી જોખમાઈ જાય છે !
વર્ચસ્વ નિજનું પોતે ત્યારે બધું ગુમાવી દે ! ૧૪૨-૧૪૩

રાખે છે સાવચેતી ને સાવધાની, ચકોરતા,
**એ**ને ગરજ તે સૌની પડે છે કર્મ સાધવા,
જે હથિયારથી કર્મ સધાતું હોય, સ્વાર્થ તે
-ઉપયોગ કરી લે છે, એવો છે સ્વાર્થ દક્ષ **તે**. ૧૪૪-૧૪૫

લાગેલો સ્વાર્થ કેવો છે, પાકો લેનાર કામ તે,
ગૂંચવાયા ભલેને હો ત્યાં શો સ્વાર્થ મથાવશે !
બધા ઉપાય, ઉકેલ સ્વાર્થ પાસે રહેલ છે,
સમર્થ સ્વાર્થ કેવો તે સાથીદાર અનન્ય છે ! ૧૪૬-૧૪૭

સ્વાર્થને પાંખિયાં કેવાં અટપટાં અનેક છે !
ભુલભુલવણીમાં તે નંખાવી દે કદીક જે,
મથે છે ભાવનાથી જે હેતુ ચોક્કસ ધારીને,
વિવેક ખૂલતો તેનો નશીલો મસ્ત ઑર જે. ૧૪૮-૧૪૯

પ્રત્યેક **ગુણ**નો પાછો જુદો જુદો વિવેક છે,
વિવેક સત્ત્વનો ખુલ્લો સંપૂર્ણ તે થયેલ છે,
ત્યારે વિચારવાનું ના એવા વિવેકને પડે,
આપમેળે ઊગે **એ**ને હોય છે કરવાનું જે. ૧૫૦-૧૫૧

સ્વાર્થનું મન ખેંચાયે સ્વાર્થ પ્રત્યે રમ્યા કરે,
સ્વાર્થને સ્વાર્થમાં સ્વાર્થ શો ખરેખર હોય છે !
સ્વાર્થ વિના કદી સ્વાર્થ એકલો ના જીવી શકે,
સ્વાર્થની જિંદગી સ્વાર્થ, સ્વાર્થે શો તરબોળ તે !
જીવન સ્વાર્થનું માત્ર એકલું માત્ર સ્વાર્થ છે,
આધાર સઘળો **એ**નો કેવો સ્વાર્થ પરે જ છે ! ૧૫૨-૧૫૪

સ્વાર્થનું આંધળું સાવ કેવું ઝનૂન હોય છે !
વળી સચોટતા પાછી સ્વાર્થની કેવી હોય છે !
પોતાનો ભાર તો સ્વાર્થ બીજાને સોંપતો નથી,
પોતાને ભાગ આવેલું થવા પૂર્ણ ચહે મથી. ૧૫૫-૧૫૬

સ્વાર્થ શો અલગારો ને એકાકી વળી ખાસ છે,
છતાંયે ભળતાં **એ**ને સૌ સાથે કેવું આવડે !
કિંતુ જ્યાં સ્વાર્થ ના કૈં છે, ત્યાં પોતે અળગો શું **તે** !
સ્વાર્થની ચાલબાજીની ઓછી ગમ પડે જગે ! ૧૫૭-૧૫૮


જામતાં જામતાં સ્વાર્થ કેવો **તે** જામી જાય છે !
સાધવા સ્વાર્થ સંપૂર્ણ કટિબદ્ધ થયેલ **તે**,
જોતો રહે છે સદા સ્વાર્થ કેટલું ચાલવાનું તે
-થયા કરેલું છે, તેનો હિસાબ સ્વાર્થ રાખશે. ૧૫૯-૧૬૦

❋

હરિ:ૐ

# અધ્યાય - ૬

# સ્વાર્થનું અલૌકિક રૂપ



'સ્વરૂપ સ્વાર્થનું કેવું યોગ્ય ખરેખરું જ તે !'
સ્વાર્થથી મુક્ત સંપૂર્ણ થયેલો, તે જ જાણશે.

(અનુષ્ટુપ)

યાત્રા સ્વાર્થની ચાલે છે, **અહં**ના શબની પરે,
કશા કંઈ પરે માહું સ્વાર્થને લાગતું ન છે,
સંકળાયેલ જે સાથે સ્વાર્થ પૂરેપૂરો જ છે,
શાં મહોબત, સંબંધ સ્વાર્થ તે સાથ રાખશે. ૧-૨

સ્વાર્થ ખરેખરો જેને લાગેલો છે ઊંડો ઊંડે,
મરી જતો કશાથી ના, ના કૈં સુકાઈ જાય **તે**,
પૂરો શો સ્વાર્થ લીલો ને લીલો જ નિત્ય હોય છે,
ઉત્સાહ સ્વાર્થનો ઑર સધાવા કર્મ મસ્ત છે. ૩-૪

સ્વાર્થ તે સ્વાર્થમાં ગાંડો પોતે શો થઈ જાય છે !
ઘેલછા સ્વાર્થની ઑર કેવી ઘેનભરેલ છે !
એકના એક શા તાને સ્વાર્થ પોતે રહ્યા કરે !
સાહસો, જોખમો ખેડે તાન ને તાનમાં શું **તે** ! ૫-૬

એકલો એકલો હોવા છતાં ના એકલો જ તે,
કેટલા ભાઈબંધો છે, માડીજાયા શું સ્વાર્થને !
સંકળાયેલ સાથે ને સાથે કેવા પરસ્પરે !
ખપમાં એકબીજાને કેવા આવ્યા કરે પથે ! ૭-૮

અગ્નિ શો સ્વાર્થનો ઊંડો ઉગ્ર તે તલસાટ છે !
તલવારતણી ધાર કરતાં તીવ્ર તેય છે.
સ્વાર્થ કદી ન બુઠ્ઠો છે, પાછો તે હુંશી, તેજીલો,
કહ્યાગરો છે સ્વાર્થ, પોતામાં સ્વાર્થ મસ્ત શો ! ૯-૧૦

સ્વાર્થ આરાધના કેવી સ્વાર્થની તો કર્યાં કરે,
સ્વાર્થને એકલો માત્ર સ્વાર્થ નિત્ય ભજ્યા કરે,
અવલંબન છે માત્ર સ્વાર્થને સ્વાર્થનું ખરે,
શો એકાશ્રયી છે સ્વાર્થ ! શી લાંબી લાંબી ફાળ છે! ૧૧-૧૨

સ્વાર્થ તપ કરે જેવું કોઈથી ના થઈ શકે,
સ્વાર્થમાં **એ**નું તો લક્ષ સંપૂર્ણ એકધ્યાન ર્‌હે,
સ્વાર્થનું સાધવા કાજે **એ**ને ના પૂછવું પડે,
હૈયાઉકેલની વિદ્યા **એ**ની પાસ અપાર છે. ૧૩-૧૪

શો એક આંખવાળો છે, સ્વાર્થ સંપૂર્ણ જે દિશે
-**એ**ને જવાનું છે, તેમાં તેનું લક્ષ અપાર છે,
ચુકાવ્યું કોઈથી **એ**નું નિશાન ન ચુકાય છે,
શો સાવધાન સંપૂર્ણ પોતાનાં કર્મમાં જ **તે** ! ૧૫-૧૬

શો એકેંદ્રિય છે સ્વાર્થ પાછો કેવો બીજી રીતે
-આંખો અનેકવાળો **તે** સ્વાર્થ શો બહુરૂપી છે !
જે કાળે વેશ **એ**ને તો જેવો લેવો ઘટે ખરે,
તે પ્રમાણે કળા **એ**ને પ્‌હેરતાં વેશ આવડે. ૧૭-૧૮

સ્વાર્થને સાધતાં કર્મ હજાર હાથ થૈ જતા,
પોતે હોવા છતાં એક, માને ના, એકલો છતાં !
સ્વાર્થ એકલપેટો છે, પોતાને સાધવાનું જે
-તેમાં તલ્લીન સંપૂર્ણ ! આડુંતેડું ન કૈં જુએ. ૧૯-૨૦

પોતાનું એકલું માત્ર સ્વાર્થ તો નીરખ્યા કરે,
જોવા બીજાનું એને તો કશી કાંઈ પડી ન છે,

સ્વાર્થને સ્વાર્થનું લક્ષ્ય ચુકાવાઈ જવાનું ના,
કદીક છો પડે પાછો, ચેતી ઊભો થતો તદા. ૨૧-૨૨

ખાલી કૈં ધારવાનું ને માનવાનું કરે ન **તે**,
પ્રત્યક્ષ કર્મ સાકાર થવા **એ**ના પ્રયત્ન છે,
'હાથમાં કેટલું' તેને રોકડું નાણું **તે** ગણે,
'રળ્યા જે તેટલું સાચું' એમ ધારી મચ્યો રહે. ૨૩-૨૪

ઝાંવાં શાં નાખતો સ્વાર્થ ! ફાંફાં તે મારતો દીસે,
કેવો બાથોડિયાં મારે ! યદ્વાતદ્વા કદી ભમે,
ગમે તેવું થતું છો હો કિંતુ ત્યાં સ્વાર્થ હેતુને,
-કદી ભૂલી જતો ના છે, એવો સ્વાર્થ ચકોર છે. ૨૫-૨૬

અગ્નિમાં જ્યાં ઉમેરાતાં આહુતિઓ અનેક જે,
પ્રચંડ અગ્નિની જ્વાળા ભભૂકે કેવી કેવી તે,
આગળે ધપતાં સ્વાર્થ તેવા અગ્નિ સ્વરૂપનો
-સહજ શો બની જાય ! એવો **એ**નો સ્વભાવ શો ! ૨૭-૨૮

કોઈક વાર તો સ્વાર્થ સૂક્ષ્મ અગમચેતીયે,
રાખી શકે જ છુપાવી પોતાની જાતને શું તે !
કદીક સ્વાર્થને કોઈ પૂરું ના સમજી શકે,
એવો શો ગૂઢમાં ગૂઢ સ્વાર્થ પોતે કદીક છે ! ૨૯-૩૦

લાગે જ્યાં બધું ધોયેલા મૂળા જેવું ખરેખરું,
સ્વાર્થને શી નિરાશા ત્યાં અપરંપાર થાય શું !
નિરાશાની ભૂમિકાનો થયેલો સર્વ ઉદ્યમ
-સફળ ના થતો કેમે, જાગે તેમાં ન ચેતન. ૩૧-૩૨

કેવી અટપટી રીતો સ્વાર્થની કૈંક હોય છે,
ઓળખી પાડવી એને મુશ્કેલ, દોહ્યલી શી તે !
હો ચબરાક સંપૂર્ણ નિષ્ણાત વ્યવહારમાં,
તેવો કોઈક તો પાકો ઓળખી પાડતો તદા. ૩૩-૩૪

વિષમ પરિસ્થિતિમાં સ્વાર્થ ડોલે ભલે કદીક તે,
કદીક નમતું જોખે, કર્મ કિંતુ ન મૂકી દે,
હારી કદીક છો જાય, છતાં શો સ્વાર્થને જ તે
-સતત વળગી રે'તો ! તે વફાદાર સ્વાર્થને. ૩૫-૩૬


'સ્વરૂપ સ્વાર્થનું કેવું યોગ્ય ખરેખરું જ તે !'
સ્વાર્થથી મુક્ત સંપૂર્ણ થયેલો, તે જ જાણશે,
ડૂબેલો સ્વાર્થમાં જે છે, તે યોગ્ય રીત સ્વાર્થને
-શકે પિછાણી શી રીતે ? કોઈ રીતે ન શક્ય તે. ૩૭-૩૮

❋

હરિઃૐ

## અધ્યાય - ૭

# સ્વાર્થની સક્રિયતા



સ્વાર્થ પોતે જ પોતાનો ઉત્તમોત્તમ ભોમિયો,
પોતાને જોઈતું જે તે સ્વાર્થ પોતે જ ખોળી લે.

(અનુષ્ટુપ)

શો **આ** સંસાર ચાલે છે, સ્વાર્થને કારણે સદા !
સ્વાર્થ વિના ન ચાલે છે, કોઈનેયે કશું જરા,
ભરે છે ડગલું કોઈ સ્વાર્થ વિનાનું કોઈ ના,
સ્વાર્થ શો એકલો માત્ર સદ્‌ગુરુ સર્વનો જ ત્યાં ! ૧-૨

જેમાં તેમાં રખાવે છે, દઢાવે સ્વાર્થ કેવું તે !
સ્વાર્થને કારણે માત્ર ચાલે સંસાર સર્વ જે. ૩

કેવી સ્વાર્થ લીધે તાણ ખેંચ મનાદિને પડે,
સ્પર્શી મનાદિને તે તે તંગ તે સૌ બનાવી દે,
અને સંઘર્ષણો કેવાં અશાંતિકારી નીપજે,
ઉપજાવી શૂળો કેવાં ભોંકાયાં તે જતાં જ છે ! ૪-૫

સ્વાર્થ માઠું લગાડે છે, સ્વાર્થ ઓછું લગાડતો,
વાગોળવાની શી ટેવ સ્વાર્થને શી પડેલ છે !
વિલાપ શો ગુમાવ્યાનો **તે** વારંવાર તો કરે,
વિરોધ, શોક કે દુઃખ બેવડાં શાં બઢ્યાં કરે ! ૬-૭

સ્વાર્થમાં રસ, ઉત્સાહ, સ્ફૂર્તિ ને ખંત, ઉદ્યમ,
કેવાં સ્ફુર્યાં કરે મેળે, સ્વાર્થ શો પ્રાણપ્રેરક !
ઊંડો ખરેખરો સ્વાર્થ જ્યાં છે લાગેલ અંતરે,
પેરે પેરે બહુ રીતે ઝંપ્યા વિના મથાવશે. ૮-૯

જેને ખરેખરો સ્વાર્થ લાગ્યો છે દિલમાં ઊંડે,
તેવો બેઠાડુ શી રીતે સંસારમાં રહી શકે ?
લાગેલા સ્વાર્થનાંયે શાં લક્ષણો વર્તમાન જે
-સક્રિય જ્યાં થતો સ્વાર્થ ત્યાં **તે** પ્રવર્તમાન છે. ૧૦-૧૧

સ્વાર્થ તો લાગતાં એની લાગતી લગની જ છે,
સધાયા સુધી તો સ્વાર્થ રે'તી જાગૃતિ **એ**ની છે,
સ્વાર્થની જાગૃતિ તેવી થવા સાકાર સ્વાર્થને,
મથાવ્યા કરતી રે' છે, સ્વાર્થની પ્રક્રિયા શી તે ! ૧૨-૧૩

ખરેખરો ઊંડો ઊંડો જેને લાગેલ સ્વાર્થ છે,
સ્વાર્થના વિષયે ત્યારે સક્રિય ત્યાં થવાય છે,
લાગ્યો છે જે વિશે સ્વાર્થ તેમાં એક થવા હૃદે,
તલપાપડ કેવો ત્યાં પોતે તત્પર હોય છે ! ૧૪-૧૫

જીવને સ્વાર્થ નિષ્ણાત કેવો તાલીમબાજ છે !
સાધવા કર્મ પોતાનું શીખવા ના જવું પડે,
કળા, કુનેહ, કૌશલ્ય સ્વાર્થને સર્વ આવડે,
સ્વાર્થને હાથ ચાવી છે, તાળાં ઉઘાડવાની તે. ૧૬-૧૭

સ્વાર્થ શો સ્વાર્થી સંપૂર્ણ સાધવા નિજ કર્મ છે !
ઊંડો ઊતરતો જેમ ઘેરો ત્યાં સ્વાર્થ શો બને !
ચાલબાજી કરી જાણે સ્વાર્થ કુનેહબાજ છે,
છેતરાયો ન તે ક્યાંયે છેતરાઈ જતો દીસે,
સંસારે શેરને માથે શા સવાશેર હોય છે !
કોઈક વાર તો સ્વાર્થ જાય છે છેતરાઈ **તે** ! ૧૮-૨૦

ચાલ અટપટી કેવી ગૂંચવાડા ભરેલી જે
-કોઈક વાર તો હોય સંસારે સ્વાર્થની ખરે !
પકડી પાડવા ચાલ સંસારે સ્વાર્થની શી તે
-છક્કડ કેટલી વાર ખવાઈ ત્યાં જતી શી છે ! ૨૧-૨૨

લાગેલો સ્વાર્થ જેને છે ઉત્કટમાંહી ઉત્કટ,
ગતિ, લક્ષણ ને ચિહ્નો આવે છે દુષ્ટ તત્ક્ષણ,
ગાંજ્યો ના જાય કોઈથી એવો શો સ્વાર્થ શક્તિ છે !
ધક્કેલાવે સધાવાને સ્વાર્થનો હેતુ જીવને. ૨૩-૨૪

છાનોમાનો પડ્યો ના ર્‌હે, સ્વાર્થ છૂપો રહે ન તે,
ગોદાટી, ખૂબ ગોદાટી પ્રેરાવે સ્વાર્થ સાધવે,
સાવધાની તકેદારી સાવચેતી ખરેખરી
-સ્વાર્થ શો રાખતો ર્‌હે છે, **એ**ની ચકોરતા જ શી ! ૨૫-૨૬

સાધવા હેતુ પોતાનો સ્વાર્થ ઉપાય લે બધા,
લેવામાં તો ઉપાયો તે, બાકી રાખે ન કૈં મણા,
નાસીપાસી કદી **એ**ને મળંતાં, અટકે ન તે,
ફરી પાછો પુરુષાર્થે ઝૂઝે **તે** કેડ બાંધીને. ૨૭-૨૮

દૃષ્ટિ મુશ્કેલીઓ સામે શી બરાબર ધારીને,
ભારે મુકાબલો ત્યારે કરવા કટિબદ્ધ **તે**,
સ્વાર્થ બખ્તર સંપૂર્ણ સજી તત્પર થૈ તદા
-ખેલે જૌહર, લે મૂકીને વેગળું માથું તે પળે. ૨૯-૩૦

મૂલ્યો ને વલણો કેવાં સ્વાર્થનાં બદલાય છે,
સ્વાર્થ જ્યાં બદલાતાંમાં સૌ તેનું નોખું નોખું છે,
સ્વાર્થ પોતે જ પોતાનો ઉત્તમોત્તમ ભોમિયો,
પોતાને જોઈતું જે તે, સ્વાર્થ પોતે જ ખોળી લે. ૩૧-૩૨

ખરેખરો ઊંડો ઊંડો લાગતાં સ્વાર્થ અંતરે,
તેવા પ્રકારના જે તે આગ્રહો ટળી જાય છે,

અહંને વેગળું ત્યારે મુકાતાં વાર કૈં ન છે,
એના પૂર્વગ્રહો કેવા ત્યારે ઓગળી જાય છે ! ૩૩-૩૪

નિરાશા સાંપડે તોયે નિરાશ તે થતો નથી,
ઉત્તેજના ભરેલો શો ! ઉદ્યમ, ધૈર્ય, ખંતથી,
પાંગળો તે થતો લાગે છતાં **તે** પાંગળો ન છે,
સદા ઉદ્યમી ખંતીલો ઉત્સાહી શો અપાર છે ! ૩૫-૩૬

'પૂરું ઉતારવું પાર' સ્વાર્થની એવી નેમ છે,
અધવચ્ચે જ રોકાવું સ્વાર્થને ગમતું ન છે,
અચકાતાં હૃદે ઊંડો શો ફફડાટ થાય છે !
તરફડાટ શો તીવ્ર ! અજંપો ઉગ્ર તે સમે. ૩૭-૩૮

મુશ્કેલી, વિઘ્ન, આપત્તિ, ને સંઘર્ષણ, કોયડા
-કેવાં કેવાં નડે ત્યારે ! બ્હેર મારી જવાય ત્યાં,
ટકી ત્યારે રહેવું ત્યાં એકધારું પૂરેપૂરું,
કેટલું બધું કેવું તે છે મુશ્કેલ ખરેખરું ! ૩૯-૪૦

ત્યારે જો સ્વાર્થ લાગેલો પ્રચંડ અગ્નિના સમો,
ઊંઘી જવા ન તે દેશે, અટવાવા ન દે પથે,
જે તે ઉકેલવાકેરી બુદ્ધિ પ્રેરાવશે ખરે,
અટકાવા ન દે ક્યાંયે સ્વાર્થ એવો પ્રચંડ જે. ૪૧-૪૨

પ્રચંડ સ્વાર્થનો અગ્નિ કેવો ભભૂકતો હૃદે !
ગતિમાં એકધારી **તે** રખાવાનું કરાવશે,
જરા ના ઠરવા દે **તે** જે ઝંપલાવવાનું તે,
-કરી યાહોમ ઝુકાવી દેવા, પ્રેરે શી શક્તિ જે ! ૪૩-૪૪

સ્વાર્થમાં જો ગતિ ના છે, લાગ્યો સ્વાર્થ ન તો જ છે,
સલામતીમહીં સ્વાર્થ પડી ર્‌હેવા ન દે જ **તે**,
જેમાં જો સ્વાર્થ લાગ્યો છે, ત્યાંથી ઉઠાડીને ફળે
-સધાય જે રીતે, તેવું મથાવાનું કરાવશે. ૪૫-૪૬

સ્વાર્થ તો દોડવું જાણે, ચાલવું ના પસંદ છે,
ઠેકડા, કૂદકા **एने** મારવા ગમતા શું છે !
ગમે તેમ કરી **एने** પોતાનું સાધી લેવું છે,
તે વિના તે ઠરીઠામ કદી પણ થતો ન છે. ૪૭-૪૮

'સાધવું નિજ કર્તવ્ય' સ્વાર્થની માત્ર નેમ તે,
રચ્યોપચ્યો શું સંપૂર્ણ ત્યાં રમમાણ સ્વાર્થ ર્‌હે !
સ્વાર્થને તો મથ્યા વિના કેમેયે ચાલતું ન છે,
સધાતાંમાં, સધાતાંમાં, સ્વાર્થની શક્તિ તો બઢે. ૪૯-૫૦

સ્વાર્થના કર્મની સાથે સંકળાયેલ સર્વ જે,
તે તે સૌને લપેટાવે સાધવા સ્વાર્થ હેતુને,
શી સમજાવવાની તો સ્વાર્થની જે કુનેહ છે !
નેવાનાં પાણી તો મોભે જાણે ચઢાવવાં શું **તે** ! ૫૧-૫૨

સ્વાર્થ જેમ સધાતો છે, તેમ તેમ શીખાય છે
-કળા, વિદ્યા જુદી જુદી પ્રસંગો પડતાં જ તે,
અગમચેતી ને દૃષ્ટિ દૂરગામી થતાં જ છે,
અનુભવાય તે જેમ જેમ સ્વાર્થ સધાય છે. ૫૩-૫૪

સ્વાર્થ શો ફેરવાવે છે, સમૂળગાયે સ્વભાવને,
કર્મમાં ઓગળાવે છે, સ્વાર્થ કેવો મનાદિને,

સ્વાર્થ પાર પડાવે છે, મથાવી પ્રાપ્ત કર્મને,
કદીક હાર જો પામે, છતાં હારી ન જાય **તે**. ૫૫-૫૬

સ્વાર્થની ચાલબાજી શી તદ્દન છૂપી છૂપી છે,
પેટમાં પેસીને વ્હાલો થૈ, તે કામ કઢાવશે,
સ્વાર્થને સ્વાર્થનું કામ કઢાવતાં શું આવડે !
તે શિખવાડવા **એ**ને કોઈને ના જવું પડે. ૫૭-૫૮

શા વાંધાવચકા વચ્ચે સ્વાર્થને સાધવા જતાં
-આવતા છે, મુઝાવાનું ત્યારે કેવું થતું તદા !
ત્યારે ગૂંચળું બુદ્ધિ શી વળી પોતે જતી બધી,
ગૂંચવાડા વિશે ત્યારે કેવું જવાય છે પડી ! ૫૯-૬૦

બુદ્ધિને પ્રેરણા સ્વાર્થ પ્રેરાવે કેવી કેવી તે !
સ્વાર્થ ફળાવવા બુદ્ધિ ઉપાયો બતલાવશે,
સ્વાર્થ પોતે શું પોતામાં એકધારો દઢાવીને,
સ્વાર્થના વિષયે પૂરા એકાગ્ર તે કરાવશે. ૬૧-૬૨

સ્વાર્થ તો લાગતાં હૈયે કેવો ઊતરતો ઊંડે,
સધાવા સ્વાર્થનું કર્મ સ્વાર્થ તત્પર શો હૃદે ! ૬૩

સ્વાર્થ જ્યાં ફળવા લાગે સ્વાર્થમાત્રા બઢ્યાં કરે,
બઢે ઉત્કટતા, ત્યાં શો એક ને એકમાં ઠરે ! ૬૪

મુશ્કેલી આવતાં સ્વાર્થ બેસી ર્‌હેતો નથી જરા,
ઉપાય ખોળવા કેવો બેસી શો જાય તુર્ત ત્યાં !
લીધેલું કરવા પૂરું સ્વાર્થને સ્વાર્થ હોય છે,
સોડિયું વાળીને સ્વાર્થ પડી ર્‌હેતો કદી ન **તે**. ૬૫-૬૬

જુદા જુદા તબક્કાઓ સ્વાર્થના શા નવા નવા !
અનેક ભૂમિકાઓના દેશ ત્યાં શા જુદા જુદા ! ૬૭

લાગે વિવિધતા કેવી કેટલી બધી સ્વાર્થને !
છતાંયે તે વિશે કેવું એકસૂત્ર સળંગ છે,
સળંગાકાર સંસારે સ્વાર્થથી રસ નિર્ઝરે,
સ્વાર્થથી જીવતા લોકો રગદોળાય તે વિશે ! ૬૮-૬૯

પૂર્ણવિરામ ક્યાંયે ના સ્વાર્થકેરા પ્રદેશને,
રંગીલો મસ્ત તે હોવા છતાં, કેવો અફાટ છે !
એક હોવા છતાં પોતે જેમાં તેમાં ભળી જતો,
સ્વાર્થ સંભાળી લેવાનું પોતાનું સર્વ જાણતો. ૭૦-૭૧


કેવો બહુરૂપી જેવો સંસારે સ્વાર્થ હોય છે !
ને વેશપલટા **એ**ના વિધવિધ સ્વરૂપ છે,
ભોંય ભારે પડી જાય એવો એ વેશ લે કદી,
એને સંકોચની કોઈ મર્યાદા કશીયે નથી. ૭૨-૭૩

❋

હરિઃૐ

# અધ્યાય - ૮

# સ્વાર્થ લક્ષણ



જે પરત્વનો સ્વાર્થ તેમાં ચોંટાડી તે જ દે,
છુટાવા દે ન एનાથી એવો શો વજ્રલેપ તે !

(અનુષ્ટુપ)

જ્વાળા તલસતી આગ ભડકે સ્વાર્થની જ છે,
ત્યારે કેવું બધું જે તે અગ્નિ સ્વરૂપ થાય છે !
તીવ્રેચ્છા સ્વાર્થની માત્ર ત્યાં શી એકલી એક છે !
અસ્તિત્વ બાકીનાનું તે હોવા છતાં, ન કાંઈ છે. ૧-૨

ઉત્કટ સ્વાર્થની જ્યારે તમન્ના લાગી છે હૃદે,
ત્યારે વહેણમાં તેના તણાવાનું જ થાય છે,
પ્રચંડ તે પ્રવાહે તો ગમે તેવું મહાન છો
-તણાવા લાગતું, ત્યારે કોક ભાગ્યે બચી જતો. ૩-૪

સ્વાર્થનો ઉચ્ચ ભાવાર્થ કોઈના ખ્યાલમાં જ તે,
કદી કશો ન ઊગે છે, સામાન્ય રીત તો જગે,
ઊર્ધ્વ પ્રકારનોયે છે, સ્વાર્થ જીવનને વિશે,
એવા સ્વાર્થે તરેલા છે, કૈંક પાપીજનો ખરે. ૫-૬

લાગેલો સ્વાર્થ શો મેળે શો સળગ્યા કરે જ તે !
પછી સળગાવવા **એ**ને ક્યાંયે તો ના જવું પડે,
લાગેલા સ્વાર્થના કેવા ફૂંફાડા ગતિમાન છે !
ઠેકાણે એક ને એક ખાલી **તે** ના પડી રહે. ૭-૮

સ્વાર્થ જ્યાં હોય છે લાગ્યો એમનો એમ ખાલી તે
-અળસિયાની પેઠે કૈં પડી જે ના રહી શકે,
સ્વાર્થને સાધવાની તો પ્રવૃત્તિમાં ઝુકાવીને,
ઝઝૂમવાનું ખંતેથી કેવું તે થતું હોય છે ! ૯-૧૦

કેવાં ધગશ, ઉત્સાહ, ખંત, ઉદ્યમ, સ્વાર્થને !
સાહસો ખેડવા કેવો સ્વાર્થ તત્પર હોય છે !
વળતાં બાજી તો ઊંધી માથું ત્યાં નીચું ઘાલીને
-ટૂંટિયું વાળીને સ્વાર્થ સૂઈ રે'તો કદી ન **તે**. ૧૧-૧૨

અવગુણો, ગુણો સૌમાં તેવું જ સ્વાર્થને વિશે,
સ્વાર્થના ગુણને જોતાં તેમાં તથ્ય ઘણુંય છે,
સદ્‌ભાવી સજ્જનો જે છે માત્ર તે ગુણને જુએ,
સ્વાર્થના ગુણને તેથી મહત્ત્વ દેવું યોગ્ય છે. ૧૩-૧૪

સ્વાર્થનેયે સ્વીકારીને સ્વાર્થને દિવ્ય દેશમાં
-પ્‌હોંચાડવાનું ધારીને, જીવનલક્ષ્ય જેનું છે,
તેવાને સ્વાર્થ તો કેવો ઉપકારી જ લાગશે,
સ્વાર્થથી **ગુણ** ને **ભાવ**ની માત્રા બઢતી જશે. ૧૫-૧૬

અંતરે નાદ લાગે છે, સ્વાર્થનોય ખરેખરો,
કેવી ગરજ જાગે છે, સ્વાર્થની ઊંડી ઊંડી તો,
લગની સ્વાર્થની કેવી શી એકાકાર હોય છે !
ગરજે શી લગાતાર પરોવાઈ જવાય છે ! ૧૭-૧૮

હોય જે દૃઢ માનેલું સ્વાર્થને સાધવા જતાં
-વેગળું મૂકવું તેને પડતું હોય છે તદા,
કેવું થોડુંક એ રીતે નિરાગ્રહી થવાની તે
-મળતી તક રે' કિંતુ તેનું ભાન ન **એહ**ને. ૧૯-૨૦

આંધળો સ્વાર્થ સંપૂર્ણ એક બાજુનું દેખતો,
**એ**ને પડી ન છે જોવા, બાકી બીજી દિશાનું તો,

પોતાનું હોય જોવાનું તેમાં ના ભૂલથાપ છે,
તેને ફળાવવા પૂર્ણ પોતે સાવધ ખાસ છે. ૨૧-૨૨

ઘાંચીના બેલની પેઠે એકના એક ચક્કરે
-સ્વાર્થ ફર્યા કરે, ઊંધું ઘાલી નિયમિત પથે,
ઘણું ઘણું મથે તોયે રળે છે કૈં નવું ન **તે**,
ઠેરનો ઠેર શો ! ખાંડે લાખો ખાંડી છતાંય **તે**. ૨૩-૨૪

સ્વાર્થના પડઘા ઊંડા ભણકારા પડ્યા કરે,
સ્વાર્થના પડછાયાની ઘેરી અસર શી પડે !
વિખૂટો સ્વાર્થ ક્યાંયે ના તે તો જીવનથી પડે,
જન્મ સાથે જટિયાં શાં જોડાયેલાં જ જીવને ! ૨૫-૨૬

જે પરત્વનો સ્વાર્થ તેમાં ચોંટાડી **તે** જ દે,
છુટાવા દે ન **એ**નાથી એવો શો વજ્રલેપ **તે** !
નિષ્ફળતા, નિરાશા શી **એ**નેય કર્મમાં મળે !
ફરી ફરી ઊઠી પાછો પરોવાઈ જતો જ **તે**. ૨૭-૨૮

વફાદારીતણી નિષ્ઠા સ્વાર્થમાં ભરપૂર છે,
મથ્યે જવું વિના થંભ્યા સ્વાર્થનો શો સ્વભાવ તે !
નાકની દાંડીની સામે નીરખી એકધારું તે
-કરી યાહોમ ઝુકાવી સ્વાર્થ શો ઝંપલાવશે ! ૨૯-૩૦

સ્વાર્થમાં સ્વાર્થ રાખે છે, અદબદ કશું ન તે,
દીવા જેવું બધું સ્પષ્ટ સ્વાર્થ કરી બતાવશે,
સ્વાર્થને રાખવા જેવું જ્યાં અદબદ હોય છે,
સ્વાર્થ ત્યાં એમ રાખે, ના એને ક્‌હેવા જવું પડે. ૩૧-૩૨

દુર્ગંધ સ્વાર્થનીયે છે, સુવાસ સ્વાર્થનીયે છે,
સ્વાર્થ ને સ્વાર્થ વચ્ચે તો ભેદ અનેક રીત છે,
તૃષ્ણા સ્વાર્થની કેવી છે, જેને કદી ન અંત છે,
એક સંતોષ પામે જ્યાં, ફૂટી ત્યાં બીજી નીકળે ! ૩૩-૩૪

ચઢઊતર શી થાય સ્વાર્થનીયે યુગે યુગે,
કોઈક કાળમાં ઉચ્ચ માત્રા સ્વાર્થની હોય છે,
જેમાં તેમાં લગાડો તે રૂપ સ્વાર્થ થતો શું **તે**!
તાદાત્મ્ય શો કરાવે છે, સ્વાર્થ માનવીને ખરે ! ૩૫-૩૬

કોઈની પરવા સ્વાર્થ લગીરે ધરતો ન છે,
એકલો એકલો પોતે પોતાનો પંથ કાપશે,
મદાર સ્વાર્થ કોઈની પરે રાખે ન છે કશો,
**એ**ને મદાર પોતાનો એકલાનો જ છે બધો. ૩૭-૩૮

'કદીક સ્વાર્થને કેવો આવે છે સણકો ચઢી !'
આડખીલી થતાં વચ્ચે સ્વાર્થને, થતું તે સહી,
ત્યારે બેચેન તો સ્વાર્થ કેવો તે બની જાય છે !
ધૂંઆપૂંઆ થતો કેવો તે જોવા જેવું હોય છે ! ૩૯-૪૦

સ્વાર્થને ચઢતાં રીસ વાર ના લાગતી જ છે,
**એ**ની અવળચંડાઈ પાર વિનાની હોય છે,
લુચ્ચાઈ વળી દોંગાઈ અપરંપાર સ્વાર્થને,
છતાં કેંદ્રિત એકાગ્ર સ્વાર્થ જેવો ન કોઈ છે. ૪૧-૪૨

સંસારે સ્વાર્થના જેવો કોઈ ના દિલચસ્પ છે,
જેમાં લાગ્યો તહીં ચોંટે પૂરેપૂરો ખરેખરો,

ચોંટ્યા પછી ન છૂટે છે, **एने** પકડ કો રીતે,
**ते** ચામજૂની પેઠે શો સજ્જડ વળગે જ છે ! ૪૩-૪૪

કેવી તેજસ્વિતા **एने** ! કદીક નમ્રતા ધરે,
થઈ જતો ઢીલો પોચો જ્યાં એવી માંગ હોય છે,
સધાય કામ જે રીતે લેવાને સાધી તે રીતે
-કુનેહબાજ, કૌશલ્યધારી શો સ્વાર્થ હોય છે ! ૪૫-૪૬

સ્વાર્થને સાધવા વિના બીજો કોઈ ન પક્ષ છે,
વલણ, વૃતિ ને દૃષ્ટિ શાં એકાકાર તે વિશે !
પોતાનાં કર્મ વિના કૈં **एने** ફેલાં બીજાં કશાં
-કદીયે નવ ઊગે છે, લક્ષણ સ્વાર્થનું જ તે. ૪૭-૪૮

બાલાં તો મારવાં ખાલી જાણતો કૈં ન સ્વાર્થ તે,
નક્કર પરિણામે તો સ્વાર્થની ચોંટ હોય છે,
ફળે કેવી રીતે સ્વાર્થ તે તે સૌ પગલાંતણો
-તલસ્પર્શી ઊંડો ખ્યાલ સ્વાર્થને દિલ હોય શો ! ૪૯-૫૦

ઊંડામાં ઊંડુંયે કેવો ઊતરી તે પૂરું શકે,
**एने** જો રસ છે જેમાં તેના તો તળિયે જશે,
શો વિરોધોની વચ્ચેથી પોતાનો માર્ગ શોધી લે !
જાગેલો, ખૂબ ચેતેલો, જાણે શો હોય સ્વાર્થ જે ! ૫૧-૫૨

જે જે પ્રકારનો સ્વાર્થ તે તે પ્રકાર વર્તવું
-થયા તે જતું મેળે સૌ ધક્કેલાવાતું તેમ શું !
ઉત્કટ સ્વાર્થની ઊંડી તીવ્ર સભાનતા સ્ફુરી,
સભાનતા પ્રમાણેનું સાકાર લેતું **ते** વળી. ૫૩-૫૪

સ્વાર્થને ઘેલું લાગે છે, સ્વાર્થનું તો ઊંડું ઊંડું,
કોઈક વાર શી **एની** ઘેલછા છતી થાય શું !
સ્વાર્થની લિપિ તો ગૂઢ વણલખી શી હોય છે !
એને ઉકેલવા ભાગ્યે કોઈ સમર્થ થાય છે,
સાફ સાફ છતાં પાછી ઉકેલી તે શકાય છે,
તોયે ભોંઠો પડે ના **તે**, સ્વાર્થ નિર્લજ્જ એમ **તે**. ૫૫-૫૭

દિવ્ય પંથતણો સ્વાર્થ ઉઘાડી આંખયુક્ત છે,
જોઈ જોઈ વિચારીને ગમે ચાલવું **एहने**,
લાગે છે સ્વાર્થ જ્યાં ઊંડો, સ્વાર્થ એવો પડી ન ર્‌હે,
કશું કર્યા વિના કાંઈ છાનોમાનો ન બેસી ર્‌હે. ૫૮-૫૯

શો લાચારીથી તો સ્વાર્થ કદીક ત્યાગ **તે** કરે,
છૂટકો ના કર્યા વિના તેથી તો ત્યાગ **તે** કરે,
ઊર્ધ્વ ક્ષેત્રતણો સ્વાર્થ રાજીખુશીથી છોડી દે,
ઊર્ધ્વ સ્વાર્થતણો ત્યાગ જ્ઞાનપૂર્વક ત્યાગ છે. ૬૦-૬૧

સ્વાર્થને સ્વાર્થ લાગે જ્યાં, ત્યાં કેવો ત્યાગ **તે** કરે,
અર્પી સર્વસ્વ દેવાતાં ઇચ્છા ત્યાગની તોય ર્‌હે,
જીવનમાં ઊંડો સ્વાર્થ લાગ્યા વિના ખરેખરો,
પ્રાણ ખરેખરા પૂર્ણ કશામાં પ્રગટે ન તો. ૬૨-૬૩

ઔત્સુક્યનો ઉછાળો શો વાતાવરણમાં જ છે,
સ્વાર્થને મા'લવા કાજે માધ્યમ સ્વાર્થનું શું તે !
ને બહેલાવવા **एने** સ્વાર્થ શો બસ માત્ર તે !
**एने** સભાનતા હૈયે સ્વાર્થની કેવી હોય છે ! ૬૪-૬૫


કદીક સ્વાર્થ તો કેવો કોકડું વળી તે જતો !
સાબદો જ થતાં વાર **એ**ને ના લાગતી ખરે,
કેવું અંતરનિષ્ઠાનું સ્વાર્થનું બીજ સ્વાર્થ છે !
**એ**ને કશી ન મર્યાદા, વાડ **એ**ને કશી ન છે. ૬૬-૬૭

❊

હરિ:ૐ

## અધ્યાય - ૯

# સ્વાર્થની ઊર્ધ્વસૃષ્ટિ



ઉત્તમોત્તમ સંપૂર્ણ સ્વાર્થ જેનો ખરેખરો
-સંબંધ આત્મની સાથે, તે સ્વાર્થ ખપનો ખરો.

(અનુષ્ટુપ)

સ્વાર્થ જાગે ન જ્યાં સુધી આવે ના ભલીવાર તે,
સ્વાર્થ જગાડવા માટે સંસ્કારનું મહત્ત્વ છે,
યોગ્ય અભ્યાસથી તેવા સંસ્કાર અંતરે પડે,
ઉદયવર્તમાને ત્યાં ગતિમાં તે જવાય છે. ૧-૨

લાગતાં સ્વાર્થ સંપૂર્ણ સ્વાર્થના વિષયે હૃદે
-પૂરેપૂરા પરોવાઈ જવાના છો જ નિશ્ચયે,
ઉત્તમોત્તમ સંપૂર્ણ સ્વાર્થ જેનો ખરેખરો
-સંબંધ આત્મની સાથે, તે સ્વાર્થ ખપનો ખરો. ૩-૪

શો નિરાકાર સંપૂર્ણ પ્રતિષ્ઠિત સ્વરૂપ તે !
પાછો સહજમેળે શો સાકાર આત્મરૂપ છે !
શો તે સાકારમાં આત્મા વ્યક્ત સ્વાર્થરૂપે થતો !
તેવા જે સ્વાર્થને લીધે પોતે પ્રકૃતિરૂપ છે. ૫-૬

આત્માનો સ્વાર્થ પોતાને જેમાં તેમાં ભળાવીને
-સહેજે એક થૈ તેમાં, તે સ્વરૂપ બની જ તે,
ગુણધર્મ બધા તેના વિશે પોતે પ્રવેશીને,
તેનો વિકાસ, વિસ્તાર પોતાથી શો થયા કરે ! ૭-૮

આત્મા, પ્રકૃતિ બંને સ્વાર્થ જુદા જુદા જ છે,
જે પ્રકૃતિતણો સ્વાર્થ પ્રકૃતિમાં જડાવશે,
જ્યારે તે આત્માનો સ્વાર્થ ચૈતન્યનો પ્રકાશ છે,
આત્માનો સ્વાર્થ, સાકાર ચૈતન્ય જે બનેલ **તે**. ૯-૧૦

જે નિમિત્તાર્થ આત્માનું વ્યક્ત થવાપણું બને,
એવું સૌ આત્માનું થતું, તે આત્મસ્વાર્થ છે. ૧૧

હેતુ સભાનતા જેમાં જે જે રીતની હોય છે,
તે તે રીતતણો સ્વાર્થ ફળાવવા મથે જ તે,
પ્રકૃતિ સાથ જ્યાં સ્વાર્થ આત્માપ્રદેશનો જ છે,
**આત્મા** અનુભવવા અર્થે જ્યાં ઉદ્‌ભવેલ હોય છે,
ત્યારે પ્રકૃતિથી પૂર્ણ થવાવા મુક્ત અંતરે,
કેવા પ્રચંડ સંગ્રામ ખેલાતા જાય જીવને ! ૧૨-૧૪

લાગ્યો છે સ્વાર્થ આત્માનો તેવા તે એકલા જ ને,
અનેક રીતનાં કેવાં બંધનો પ્રકૃતિથી છે,
કિંતુ જ્વાળામુખી જેવો જો સ્વાર્થ સળગેલ છે,
તેવો સ્વાર્થ કુદાવે છે, પહાડના પહાડને. ૧૫-૧૬

સ્વાર્થમાં સ્વાર્થથી સ્વાર્થનો સ્વાર્થ પરખાય છે,
પરખાતાં હૃદે તેનું સૌ રહસ્ય પમાય છે,
ને રહસ્ય પમાતાં તે ખુલ્લો ભેદ થઈ જશે,
દીવા જેવું પછીથી તો જે તે બધું જણાતું છે. ૧૭-૧૮


નિમ્ન પ્રકારનો એક પ્રકૃતિજન્ય સ્વાર્થ છે,
આત્માની વ્યક્તતાનો શો બીજો તો સ્વાર્થ દિવ્ય છે,
એવો અમર જે સ્વાર્થ સદા મુક્ત સ્વતંત્ર છે,
સદા કલ્યાણકારી **તે**, ચેતના અભિમુખ **તે**. ૧૯-૨૦

*

હરિઃૐ

## અધ્યાય - ૧૦

# સ્વાર્થ શ્રેષ્ઠી !



સાચું તે જીવવું, જેનો સ્વાર્થમાં પરમાર્થ છે,
એવો જીવનનો સ્વાર્થ ઉત્તમોત્તમ દૈવી છે.

(અનુષ્ટુપ)

સ્વાર્થ યોગ્ય સધાવાને શાં કેટલાંક માનવી
-સૌ પ્રામાણિકતાદિ તે ગુણો વાપરતા ચહી,
ને પ્રપંચાદિ ક્યારેયે ભૂલેચૂકે ન વાપરે,
એવાનામાં જ પ્રેરાવા ભાવની શક્યતા જ છે. ૧-૨

'સ્વાર્થને સાધવા અર્થે પ્રપંચ અનિવાર્ય છે !'
શી કેટલાકની એવી માન્યતા છે ખરેખરી,
આજે પ્રવર્તતા કાળે પ્રામાણિક **જીવો**ય છે,
ખુવાર શા ભલે થાય ! કિંતુ ત્યજે ન **ગુણ** જે. ૩-૪

સંસારનું **જીવો** એવા સાચેસાચ ખમીર છે,
ભાવથી જીવવા કાજે દાખલા શા જ્વલંત તે !
પારદર્શક કેવા છે, આરપાર પૂરેપૂરા !
**જીવો** તે બડભાગી શા ! બોધે માનવી શાં બીજાં ! ૫-૬

શ્રેષ્ઠ ધરાવનારા છે ગુણો જે સ્વાર્થ સાધવા,
એવાને છો ભલે જાણે કોઈ ના, તોય સત્ત્વમાં
-તત્ત્વના હાર્દમાં તેવા પ્રવેશ્યા કરશે ખરે,
તેવું તે જીવવાથી તો સંસારને ઉજાળશે. ૭-૮

સાધવા તે જતાં સ્વાર્થ લૂંટી લેશે ન કોઈનું,
પોતાનું જો પડે ખોવું તૈયારી તેની દિલ શું !
બીજાના સ્વાર્થની આડે પોતે કદી ન આવશે,
સધાતું ત્યાં ન પોતાનું ભલે સ્વાર્થ જતો કરે. ૯-૧૦

મંગળકારી શા **જીવો** સંસારે પણ આજ છે !
ભૂમિનો ભાર તેવાથી શો હળવો થયા કરે !
યોગ્ય વર્તનથી પોતે બોધ પ્રેર્યા કરે જગે,
બોલ્યાચાલ્યા વિના એવા બોધે માનવી જીવને. ૧૧-૧૨

સદા, સરળ ને એવા જે પ્રામાણિક માનવી,
વેઠવું પડતું કેવું તેમને કેટકેટલું !
છતાં પાછા પડે ના તે, ભલે સ્વાર્થ સધાય ના,
તોયે ધૈર્યથી કેવા તે, સહે પ્રેમથી સૌ તદા,
કચવાટ કશી વાતે કદી તેવા કરે ન છે,
પ્રસન્નતા શી સંપૂર્ણ એવાને મુખ હોય છે ! ૧૩-૧૫

સ્વાર્થની દુનિયામાંના એવા જે **જીવ** હોય છે,
પ્રેરણાત્મક સંસારે કેટલાંને થતા જ તે,
જતાં વટાઈ સંપૂર્ણ તેમાંથી રસ જે ઝરે,
સંસાર તે રસે કેવો જીવે થોડોઘણો શું તે ! ૧૬-૧૭

સ્વાર્થમાં જીવવાનું છે, આ સંસારે ખચીત તે,
તો પછી સ્વાર્થને કેવો ત્યાં ઊથલાવવો પડે !
સ્વાર્થમાં સ્વાર્થી સંપૂર્ણ થાય તેમાં નવાઈ ના,
કિંતુ જે સ્વાર્થમાં પૂરા ના લબદાય, ધન્ય શા ! ૧૮-૧૯

જીવવું સ્વાર્થ વિના તે સંસારે તો કઠિન છે,
કિંતુ એવાય શા લોક પ્રવર્તમાન આજ છે !
પ્રતિષ્ઠા ભાવનાકેરી તેથી શી જળવાય છે !
તેવાના જીવવાથી તો શા ઉપકાર થાય છે ! ૨૦-૨૧

સ્વાર્થ હોવા છતાં પાછો જેમાં સ્વાર્થ લગાર ના,
ખરેખરો શું તે સ્વાર્થ ઊર્ધ્વનો પરમાર્થ ત્યાં !
સાચું તે જીવવું, જેનો સ્વાર્થમાં પરમાર્થ છે,
એવો જીવનનો સ્વાર્થ ઉત્તમોત્તમ દૈવી છે. ૨૨-૨૩

સ્વાર્થમાં છે ઊંડો સ્વાર્થ જેને શો પરમાર્થ તે !
એવા તે વિરલા વીર ભાગ્યે કોઈક હોય છે,
હિંમત, ધૈર્ય ને શાંતિ, મર્દાનગી, પરાક્રમ,
એનામાં શા ગુણો એવા છે પ્રસ્થાપિત જીવન ! ૨૪-૨૫

કામ, લોભાદિ, મોહાદિતણા તે સ્વાર્થ નિમ્ન છે,
સ્વાર્થ જ્યાં પરમાર્થે છે, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સ્વાર્થ તે.
જ્ઞાનીભક્ત થવા કાજે એવો તે સ્વાર્થ શ્રેષ્ઠ છે,
એને અનુસરે જે કો, સાચો શો પરમાર્થી તે ! ૨૬-૨૭

પરમાર્થ અને સ્વાર્થ દ્વંદ્વનું જોડકું શું તે !
એ બેનીયે જવા પાર ભાગ્યે કોઈકની હશે
-ચેતનાત્મક દૃષ્ટિ તે કે સોંસરવી પાર જે
-બધું સ્પષ્ટ બતાવી દે, ભાગ્યે એવા શું કોક છે ! ૨૮-૨૯

સ્વાર્થની આળપંપાળ, જંજાળ એની કેવી છે !
ભલભલાતણી ચાંચ પૂરી જેમાં બૂડે ન તે,
કિંતુ પાવરધા તેમાં જેઓ નિષ્ણાત હોય છે,
તેવા છક્કડ શા ખાય, ગૂંચવાડો થતાં પથે. ૩૦-૩૧

પોતાની જાત સંપૂર્ણ ખોળીને, જાણી, મા'લવી,
સાધે તે સ્વાર્થ, તેવો શો જ્ઞાનીભક્ત શિરોમણિ !

ઉત્તામોત્તામ તે સ્વાર્થ ઉત્તારોત્તાર શો બઢે
-જેના જીવનમાં ટોચે ! **તેનો** ઉત્તમ સ્વાર્થ તે. ૩૨-૩૩


સ્વતંત્રતાની ખુમારી નશો એનો શું ઑર છે !
જેણે મસ્તીથી મા'લી છે, જેનો રસ પીધેલ છે,
એવા તો રસિયા ભાગ્યે વિરલા વીર કોક છે,
એવાના સ્વાર્થના સ્પર્શે ભાગ્યશાળી થવાય છે. ૩૪-૩૫

શ્રેષ્ઠ તે જીવ્યું કે જેણે સ્વાર્થને અળગો કર્યો,
જીવન જીવવા જેણે સેવ્યો છે પરમાર્થ શો !
રચ્યોપચ્યો શું સંપૂર્ણ જે પરમાર્થને વિશે !
કોઈક વિરલા એવા ભાગ્યે જીવનમાં જ છે. ૩૬-૩૭

હરિઃૐ

# અધ્યાય - ૧૧

# સ્વાર્થની લીલાકળા



શો ક્રાંતદર્શી તો સ્વાર્થ પોતાનું ધ્યેય સાધવા,
નૂતન શાં જુદાં જુદાં સાધન વાપરે સદા.

(અનુષ્ટુપ)

અજંપો સ્વાર્થને કેવો અપરંપાર હોય છે !
કકળાટ ઊંડો છૂપો મનમાં **તે** કર્યા કરે,
કદીક દૃષ્ટિ તો કેવી સ્વાર્થની કતરાતી છે !
ઈર્ષ્યા તે સ્વાર્થની ભારે ગજબ જાતની શી તે ! ૧-૨

કળા મનાવવાકેરી સ્વાર્થની વળી ઑર છે,
પોતાના પક્ષમાં લેવા જાણે છે તરકીબ **તે**,
આડોતેડો થતાં કોઈ એવાને પડખે ચઢી,
પોતાનો કરી લેવાને તેને સ્વાર્થ મથે ચહી. ૩-૪

કદીક સ્વાર્થ ખુલ્લો તે પૂરેપૂરો થતો ન છે,
અદબદ વળી રાખી, ફોડ પાડે ન સર્વે **તે**,
ભળતું શું બતાવીને ગળે વાત ઉતારવા
-સ્વાર્થ તો જબરો કેવો ઉસ્તાદીમાં સમર્થ ત્યાં ! ૫-૬

કરવા જવું તૈયારી સ્વાર્થના મનમાં ન છે,
સમો આવ્યે છતાં પાછો તૈયાર થઈ જાય છે,
આખું જ્યાં મળતું ના છે, અર્ધુંયે મળવાની જો
-આશા કૈં સ્વાર્થને લાગે, શો ત્યાં તત્પર સ્વાર્થ તો ! ૭-૮

સંતોષાવા પૂરેપૂરું સ્વાર્થને દિલ કોડ છે,
થનગની રહે કેવો ફળાવવા શું અર્થને !
થોભી રે'વું જરા વાર સ્વાર્થને પાલવે ન છે,
થોભવાની જહીં લાગે જરૂર, સ્વાર્થ થોભશે. ૯-૧૦

કોઈને ઊધડો લેતાં વાર કૈં લાગતી ન છે,
ઢંગધડા વિનાનું તો બોલી નાખે કદીક **તે**,
જ્યાં જ્યાં વાપરવો લાગે વિવેક, મૃદુ વાણીયે
સ્વાર્થ તે આચરી જાણે, એવો શો વ્યવહારુ છે ! ૧૧-૧૨

'નાખવું તરછોડી તો કદીક સ્વાર્થ શો કરે !'
'પોતાને ધારશે તેથી કેવો !' ના **તે** વિચારશે,
કદીક આંખ મીંચીને ઉધામા શા કર્યા કરે !
ખોખરાં હાડકાં થાય, તોયે કદી ન સુધરે. ૧૩-૧૪

પોતાની ચાલને સ્વાર્થ છોડી દેવા ન રાજી છે,
બીજી રીતે સધાતું જો, તો પાછો સ્વાર્થ તત્પર,
સાધવા સ્વાર્થ તો નેવે પોતાનું મૂકી દે બધું,
શો નિરાગ્રહી એવો તે સ્વાર્થ મતલબે શું છે ! ૧૫-૧૬

જવું છે આગળે જેને તેને અઘરું થોભવું,
અમસ્તું બેસી રે'વાનું ના કૈં પાલવતું કશું,
કરતા નિત્ય ર્હેવાનું કૈંક ને કૈંક ખંતથી,
મિજાજ સ્વાર્થનો એવો ઢાંક્યો ઢંકાય ના કદી. ૧૭-૧૮

કેવી મુશ્કેલીવાળી તે પંચાત સ્વાર્થને મળે,
તે સૌનો કાઢવા તોડ સ્વાર્થને મથવું પડે,
અધકચરું તો સ્વાર્થ જાણી જોઈ ન મૂકી દે,
પ્રત્યેક ડગમાં હેતુ સ્વાર્થનો કૈંક હોય છે. ૧૯-૨૦

ઝંઝાવાતો પથે કેવા સ્વાર્થ સામે ખડા થતા !
નમી પડે જ શો સ્વાર્થ જાણી જોઈ કદીક ત્યાં !

જોઈ સમય, સંજોગો પાછો ટટાર ત્યાં થતાં
-કશી ના વાર લાગે છે, એવો શો તે ચકોર છે ! ૨૧-૨૨

સ્વાર્થ શો સાધવા સ્વાર્થ કેવાં આંધળિયાં કરે !
મૂર્ખામીમાં ખપે પોતે ! એવાંયે ડગલાં ભરે,
કદીક સ્વાર્થ તો કેવી ખાય છે ભૂલથાપ **તે**,
ધારેલી બાજી શી **એ**ની ઊંધી કદીક શી વળે ! ૨૩-૨૪

સ્વાર્થ તો કેટલી વાર ભારે છક્કડ ખાય છે,
છતાં નાનમ ના **એ**ને, **એ**ને શરમ કૈં ન છે,
સંકોચ સ્વાર્થને ના છે, સ્વાર્થને નીચી મૂંડી ત્યાં
-સંજોગો આવતા એવા, કરી દેવાની છે કળા. ૨૫-૨૬

અભિમાનભર્યું સ્વાર્થ તોછડાઈ ભરેલ શું !
-વેતરી મારતો, પાછો ઓકી નાખે અજુગતું,
દુશ્મનાવટ **તે** કેવી બેસે કદીક નોતરી,
શી ભયંકર જંજાળો સ્વાર્થ લીધે થતી ઊભી ! ૨૭-૨૮

સ્વાર્થને એક માથું ના, **એ**નાં માથાં અનેક છે,
અનેક રીતથી **એ**વો યદ્વાતદ્વા કદી વદે,
જે એકવાર બોલેલું ફેરવી નાખતાં કશો
-કૈં જરા સરખો **એ**ને આવે છે નવ આંચકો. ૨૯-૩૦

ટેકીલો તે, છતાં પાછો **એ**ને ટેક કશો ન છે,
પોતાનું સાધવામાં શો સ્વાર્થ મક્કમ હોય છે !
**તે** નિશ્ચળ છતાં ના છે, સધાતો જેમ સ્વાર્થ હો
-તે રીતે વળવાનું **તે** કરે છે દિલ ચાહી શો ! ૩૧-૩૨

શો અણનમ રહે સ્વાર્થ ! એકની એક વાત **તે**
-કેવી ઝૂડ્યા કરે, જેનો તંત **તે** લાવતો ન છે,
કહેલું એકનું એક લાખો વાર બક્યા કરે,
**તે** સહેલાઈથી વાત મૂકી દેતો ન નિજ છે. ૩૩-૩૪

પૂછડું પકડી રાખે શું મજબૂત સ્વાર્થ, તે
-તૂટી જાય ત્યહીં સુધી આગ્રહ દિલ ધારીને,
છતાં જ્યાં તૂટવા વારો, ત્યાં શો સાવધ **તે** થઈ,
સવેળા લે શું સંભાળી, એવો ચેતેલ દિલથી. ૩૫-૩૬

પોતાનું સાચવી જાણે, સંભાળવાનું હોય જે
-બધું સંભાળી લેવાની કળા તે સ્વાર્થમાં શી છે !
જાકારોયે દઈ દેતાં, **એ**ને ના ધ્રાસકો પડે,
શો તે ખસી જતો ! જાણે લેવાદેવા ન હોય છે. ૩૭-૩૮

સ્વાર્થને સાધવા ટાણે એકમેક થઈ જતો,
પુરાણો હોય સંબંધ એવી તે રીત વર્તતો,
મળી, ભળી, ગળી જાય, **એ**ને અજાણ્યું ના કશું,
સાધી લેવાનું તો કર્મ સ્વાર્થ શો જાણતો બધું. ૩૯-૪૦

સ્વાર્થ ઉપરથી ભોળો લાગે પૂરેપૂરો છતાં
-**એ**ના જેવો બીજો દંભી, પ્રપંચી કોઈ ના કદા,
જાય છે છેતરાઈ તો **તે** કેટલીક વાર શો !
એનો ડંખ ન લાગે છે, **એ**ને તો કોઈ રીતનો. ૪૧-૪૨

સ્વાર્થ આડે જ જે આવે તેને **તે** ફેંકી દે ખરે,
'લાગે ખરાબ ના પાછું' તે જોવાની કળા શી તે !

'સ્વાર્થનું સૌ સીધેસીધું પાર ઊતરી જાય છે',
એવું બનતું તો ના છે, ઊંધુંયે વેતરાય છે. ૪૩-૪૪

એકધારો કદી સ્વાર્થ રહેતો સરખો ન **તે**,
'વાંકોચૂકો થતો કેવો !' અચંબો જોઈ થાય છે,
મનસ્વી ચાલ **ए**ની છે, પાછો સ્વચ્છંદી ભૂપ છે,
સંજોગ માનવા જેવા તો જ **તે** માનતો પછે. ૪૫-૪૬

મેણાં , ટોણાં, વળી બોલ આડા ને અવળા બધા
-ગળી જવાતણો કેવો મ્હાવરો સ્વાર્થને શું ત્યાં ૅ !
સધાતો સ્વાર્થ જો હોય માઠું લગાડતો ન ત્યાં,
સંસારે ગરજાળુ શો સ્વાર્થી જેવો ન કોઈ જ્યાં. ૪૭-૪૮

શા વાંધાવચકા કાઢે ! કાઢે શી ખોડખાંપણો !
કૈં કૈંક દોષ કાઢીને સ્વાર્થ કેવો બતાવતો !
જ્યારે નાચવું ના હોય, ત્યારે શી બધી રીતનું
-આંગણું નાચનારીને કૈં વાંકુંચૂકું લાગતું ! ૪૯-૫૦

સ્વાર્થ અનેક બા'નાં તો કાઢવાની કળા બધી
-**ए**ને જ્યાં કરવું ના હો, વાપરવાની જાણ શી !
**ए**ની બાહોશીની તોલે સમો આવ્યે ખરેખરી,
ત્યાં હોશિયારી એવી તો ખપ લાગે ન કોઈની. ૫૧-૫૨

જાગૃતિ ને તકેદારી, ચકોરતા, શી દક્ષતા !
સંસારે સાવધાની ને સાવચેતી શી યોગ્ય ત્યાં,
સ્વાર્થની દીર્ઘદૃષ્ટિ શી ! યોજનાબદ્ધ શો ક્રમ !
વ્યવસ્થિત સમો આવ્યે **તે** રહી શકતો પથ. ૫૩-૫૪

**એ**ની વિચારધારા તો એકસરખી ના કદી,
જેવો જેવો જ હો સ્વાર્થ વર્તતો તેવી રીતથી,
સ્વાર્થને ફાવતું યોગ્ય જે રીતે લાગતું જ હો,
તે રીતે વર્તવાની શી **એ**ને ફાવટ સર્વ તો. ૫૫-૫૬

સ્વાર્થ ફળાવવા કેવું થતું વિચારવાનું તે,
વિચારવાનું જે થાય જે તે સૌ ક્રમબદ્ધ છે,
સ્વાર્થમાં યોજનાકેરો યોગ્યાયોગ્ય વિચાર છે,
કિંતુ ત્યાં જ્ઞાનીના સ્વાર્થે એમાંનું કૈં કશું ન છે. ૫૭-૫૮

સારાં થતાંય તો **એ**ને આવડે છે બધી રીતે,
બીજાને વ્હાલું વ્હાલું તો થવાનું જાણતો જ છે,
શો અળખામણો પાછો કદીક બની તે જતો !
**એ**નું ના ઠામઠેકાણું કોઈયે એક રીતનું. ૫૯-૬૦

યદ્વાતદ્વા ગમે તેમ સ્વાર્થ શું વર્તી જાણતો !
પ્રકૃતિવશ કિંતુ તે **એ**નું વર્તન સર્વ તો,
પહોંચી ના શકે કોઈ સ્વાર્થ જ્યાં સાબદો જ છે,
દલીલો, તર્ક તો ત્યારે કેવાં કેવાં ચલાવશે ! ૬૧-૬૨

પડે ના પૂછવું **એ**ને કોઈનેયે કશા વિશે,
સ્વાર્થની બુદ્ધિ તે કાળે ઉકેલ શોધી આપશે,
શતાવધાની શો સ્વાર્થ ! સ્વાર્થમાં કેટકેટલું
-ભરેલું હોય છે, તેનું કાઢી શકાતું માપ શું ! ૬૩-૬૪

સ્વાર્થને જાણવા કાળે જાણ પડતી રે' ખરી,
સ્વાર્થનાં ચોકઠાંમાં છે, સમાઈ પેરવી બધી,

પૂરો બની જતો કેવો સ્વાર્થ મૂર્ખશિરોમણિ !
જે કાળે જેવું દેખાતું તેવું **તે** વર્તતો ચહી. ૬૫-૬૬

સ્વાર્થને સંઘરાખોરી આવડે કરતાં બધી,
ટાણું આવ્યે થતાં ખાલી સ્વાર્થને આવડે વળી,
રોકટોક કશી કોઈ સ્વાર્થને ખાળી ના શકે,
જવા ઓળંગી તો સર્વ સ્વાર્થ કેવો સમર્થ છે ! ૬૭-૬૮

ધક્કો સામે જ દેતાં તો સ્વાર્થ તત્પર શો તદા !
વળી છેતરતાં **એ**ને ધક્કો ના લાગતો જરા,
પાછું કૈં પડવાનું જ્યાં આવ્યે, પાછો વળે જ **તે**,
ગમે તે ચાલતાં ચાલ, વાંધો **એ**ને કશો ન છે. ૬૯-૭૦

સ્વાર્થ શો સાધવા ટાણે તે ચાલવાની ચાલને
-પરખાવા ન દે સ્હેજે, ચાણક્ય રીતિ **એ**ની તે
-અજબ રીતની પાકી, ભાગ્યે ખ્યાલ ચઢી શકે,
એવો પાવરધો સ્વાર્થ **એ**ને જ્યાં રમવાનું છે ! ૭૧-૭૨

નીચું જોવાપણું જ્યારે સ્વાર્થને આવી જ્યાં પડે,
ત્યારેયે કાંઈ એ માટે **એ**ને શરમ ના જ છે,
છોભીલા પડવા વારો આવતાં, તેમ **તે** ન ત્યાં,
કેવા ગોરખધંધા તો સ્વાર્થને આવડે બધા ! ૭૩-૭૪

જામતાં જામતાં **એ**ને કેટલો કાળ લાગતો,
જામ્યા તે પછીનો **એ**નો રુઆબ ઑર ઢંગનો,
ફૂલીફાલી જતાં ચ્હેરો **એ**નો શો ફેરવાય છે !
ફવાતાં ના, થતાં પાછું **એ**ને સંકોચ કૈં ન છે. ૭૫-૭૬

પોતાને કરવાનું હો તેમાં શો એકતાન **તે** !
વિઘ્નોથી હઠી **તે** જાય એવો નામર્દ **તે** ન છે,
કદીક સામનો ભારે કરતાં, ડરતો ન **તે**,
માથું મૂકી ઝઝૂમે શો સ્વાર્થ કેટલી વાર તો ! ૭૭-૭૮

પોતાને કરવું જે હો, સૌ આવડત તેતણી
સ્વાર્થને આવડે કેવી ! શો સદ્‌ગુરુ શિરોમણિ !
નાનામાં નાનુંયે કર્મ સ્વાર્થ શો કરી જાણતો !
-ગમે તે કરવા કર્મ **એ**ને સંકોચ ના કશો. ૭૯-૮૦

ધુત્કારી નાખતાં વાર સ્વાર્થને લાગતી નથી,
વળી તે હડસેલો દે પૂરો જ્યાં સ્વાર્થ થાય છે,
માન દેવું જહીં લાગે સ્વાર્થને યોગ્ય જે પળે,
ત્યારે તો કરવાનું તો તેમ, યોગ્ય પિછાણતો. ૮૧-૮૨

જેમ જેમ બઢે સ્વાર્થ, લોભ તેમાં બઢ્યા કરે,
સ્વાર્થની એકલી માત્ર, વૃત્તિ ત્યાં દૃઢ થાય છે,
સ્વાર્થને મ્હાવરો માત્ર પોતાના લાભનો ખરો,
સ્વાર્થ વિના બીજો સ્વાર્થ, સ્વાર્થ તો ગણતો ન છે. ૮૩-૮૪

સ્વાર્થની ચાલબાજી તો, હોશિયારી ભરેલી છે,
તેવી સ્વાર્થની ચાલાકી શી પારખવી દોહ્યલી !
સ્વાર્થની એવી માયા તે અભેદ્ય શી કદીક છે !
ચાલાક કેટલા તોયે એને પારખી લે જ તે. ૮૫-૮૬

નિત્ય યુવાન શો સ્વાર્થ ! **એ**નું યૌવન જીવને
-સ્વાર્થના વિષયે ઑર કેવું મસ્ત ખીલેલ છે !

સ્વાર્થની ઘેલછા મસ્તી કદી તે આંધળી ન છે,
એકધારું જ ચોંટેલું **एन**ું નિશાન હોય છે. ૮૭-૮૮

સ્વાર્થને એક ના આંખ **एन**ે અનેક આંખ છે,
ચારેબાજુથી જુએ ને વિચારી લે બહુ રીતે,
દૃષ્ટિબિંદુ જુદાં જુદાં થકી ઊંડું પ્રસંગને
-ન્યાળી, તોળી,વિચારીને સ્વાર્થ નિર્ણય લે પછે. ૮૯-૯૦

શો ક્રાંતદર્શી તો સ્વાર્થ પોતાનું ધ્યેય સાધવા,
નૂતન શાં જુદાં જુદાં સાધન વાપરે સદા,
દીર્ઘ દૃષ્ટિ શી સક્રિય સ્વાર્થની જીવતી રહે !
વાપર્યા કરવાથી તે શી અણીદાર હોય છે ! ૯૧-૯૨

યાહોમ કરવું જાણે સ્વાર્થ શો કર્મ સાધવે !
યેનકેન પ્રકારેણ રસ શો કર્મ વિજયે !
જેવું જેવું જ હો કર્મ સ્વાર્થનું તેવું રૂપ છે,
ઝંપલાવાનું જ્યાં યોગ્ય લાગે, તેમ કરે શું **તે** ! ૯૩-૯૪

જાણવું, માનવું માત્ર પોષાય સ્વાર્થને ન તે,
**एन**ે તો મળવા સાથે સર્વ નિસ્બત હોય છે,
જે મળ્યું હાથ, તેને **તે** પાર, ઉતારીને ઊંચે
-તત્પર મૂકી દેવા શો ! શો કાર્યદક્ષ સ્વાર્થ છે ! ૯૫-૯૬

દાવપેચ બધા જે તે સ્વાર્થને આવડે ખરા,
ઉપયોગ ઘટે જેવો તેનો ત્યાં **તે** કરે તદા,
**एन**ે સંકોચ સ્હેજે ના ગળુંયે કાપી નાખવા,
છતાં તે ચાલબાજીની કોને ગમ પડે જ ના. ૯૭-૯૮

સ્વાર્થને કેટલાં પાસાં, વિધવિધ અનેક છે,
તે સૌ પાસાંતણો ખ્યાલ મુશ્કેલ આવવો શું તે !
સમગ્રતા બધી તેવી સ્વાર્થની કેટલી બધી,
સર્વાંગોથી જણાવી તે દોહ્યલી છે ખરેખરી. ૯૯-૧૦૦

સ્વાર્થ પાછળ જે બોલે, બોલે કોઈની આગળે,
બંને બોલીમહીં ફેર આસમાન જમીનનો,
સ્વાર્થને ફાવતું જેવું, તેમ તે બોલશે બધું,
કોઈ વાતે કશો બંધ બોલીને **એ**ની હોય શું ! ૧૦૧-૧૦૨

જે જે મરજી વિરુદ્ધ સ્વાર્થની હોય તે પ્રતિ
-કરવા ડોકિયું તેમાં, સ્વાર્થ તૈયાર ના કંઈ,
સામું જોવાય તો સ્વાર્થ દૃષ્ટિએ કરતો ન **તે**,
એવો સ્વાર્થ પડે જેમાં શો લગાતાર તે વિશે ! ૧૦૩-૧૦૪

સ્વાર્થની સાઠમારી શી સંસારે જાતજાતની !
હચમચી જવાયે ત્યાં સામે તે આવતાં વળી,
ગભરુ કિંતુ ના સ્વાર્થ, પડ્યે હાક શું મર્દ છે !
તે પરાક્રમની તોલે તુચ્છ ભલભલાનું તે. ૧૦૫-૧૦૬

જેનાથી કામ લેવાનું સ્વાર્થને હોય છે જગે,
તેની સંગાથ શો મેળ તેનો સંપૂર્ણ રાખશે !
સવાસલાં* શું તે સાથે જાણી જોઈ કર્યાં કરે !
સ્વાર્થ તો પરખી લે છે ઉપરછલ્લું તે શું છે ! ૧૦૭-૧૦૮

ખંખેરી નાખતો સ્વાર્થ સમો આવ્યે ખરેખરો,
આખાબોલો બીજો એના જેવો કોઈ ન ક્યાંય તો,
કદીક ઊધડો લેતાં સ્વાર્થ તો ખંચકાય ના,
સ્વાર્થ એવો શું અંજાઈ કશાથી પણ જાય ના. ૧૦૯-૧૧૦

સ્વાર્થને માત્ર પોતાનું જોવાની કેવી ટેવ છે !
બીજે ફાંફાં કશાં કોઈ જાણે ના મારવાનું તે,
પોતે નિશાન તાકેલું તેના પરત્વનું ઊંડે
-એકધારું, હૃદે તેને પાડવા પાર શો મથે ! ૧૧૧-૧૧૨

સ્વાર્થ છો હો ભલે સ્વાર્થી, પરંતુ સાધવા પ્રતિ
-કેવો એકાગ્ર કેંદ્રિત રહે પૂરેપૂરો ચહી,
સ્વાર્થ શો એકલો પોતે પરોવાયેલ કર્મમાં,
ભેખ તે સ્વાર્થનો કેવો વેગીલો, ખંતીલો સદા. ૧૧૩-૧૧૪

સ્વાર્થને ભાન પોતાનું કર્મ સૌ કરતાં રહે,
જે કંઈ સાધવાનું છે, તેને ભૂલી જતો ન **તે**,
**તે** એકધ્યાન સંપૂર્ણ એકીટશે રહ્યા કરે,
રચ્યોપચ્યો જ શો સ્વાર્થ ઉગ્ર છે સાધવા વિશે. ૧૧૫-૧૧૬

ભેખ જેણે લીધેલો છે, લીધો સંન્યાસ જેમણે
-જે કર્માર્થ, સધાતું તે **તેવા**ની ભાવના વડે,
સ્વાર્થ તો લાભ પોતાનો નીરખે છે નિરંતરે,
એથી ખસેડવા માટે **એ**ને સમર્થ કોઈ ના. ૧૧૭-૧૧૮

જડ શો વળગેલો ર્‌હે, સ્વાર્થ તે નિજ કર્મમાં !
વફાદાર પૂરેપૂરો મળેલાં નિજ કર્મમાં,
કર્મ પરત્વની નિષ્ઠા સ્વાર્થ જેવી ન કોઈની,
સ્વાર્થ લાગ્યા પછીની તે નિષ્ઠાની મસ્તી ઑર શી ! ૧૧૯-૧૨૦

અજાણ્યું કૈં ન લાગે છે, ઠેકાણે કોઈ સ્વાર્થને,
વાતાવરણ પોતાનું લેતો જમાવી હોય **તે**,
પોતાને જોઈતું જે જે સગવડ કરી જ લે,
ચોંટેલો સ્વાર્થ તો કેવો એકધારો રહે શું તે ! ૧૨૧-૧૨૨

જોઈએ સ્વાર્થને જે જે મોઢે ચઢી ન માગી લે,
કૈં તરકીબ જે અર્થે **એ**ની શી સૂક્ષ્મ હોય છે !
કોઈ ને કોઈ રીતે **તે** પોતાનું ધાર્યું હોય જે
-સંપૂર્ણ પાડવા પાર ન ખડે એક પગે જ **તે**. ૧૨૩-૧૨૪

કર્મ ભોળવી પોતાનું કદીક સ્વાર્થ કાઢી લે,
પ્રપંચી તે ભલે લાગે વ્યવહારે કિંતુ દક્ષ છે,
જેવું સ્વરૂપ પોતાનું મૂળનું હોય, તે રીતે
-દેખાવા તે રીતે ના દે, સ્વાર્થ ચાણક્ય છે જ તે ! ૧૨૫-૧૨૬

છેતરપિંડી છાની તે રીતે કેવી કર્યા કરે
-પકડાયા વિના એવી **એ**ની શી ચાલબાજી છે !
યુક્તિ, પ્રયુક્તિથી સૂક્ષ્મ ગૂઢમાં ગૂઢ રીતિએ
-કઢાવી કર્મ લેવાનું કળા સ્વાર્થની છાની છે. ૧૨૭-૧૨૮

સ્વાર્થ જ્યાં લાગતો ઊંડો, ઈતબાર કરી કરી,
જેમાં તેમાં બધાંનામાં વિશ્વાસ મૂકતો વળી,
વિશ્વાસભંગનો **એ**ને તો અનુભવ થાય છે,
છતાં **તે** સાધવાનું જે મૂકી દેતો ન કર્મ તે. ૧૨૯-૧૩૦

સ્વાર્થની કેવી ચાલાકી બાહોશી સ્વાર્થની શી છે !
એના જેવાં જ ચાલાકી બાહોશી કોઈનાં ન છે,
ધક્કેલ્યાં દિલ પ્રેરાવ્યાં કેવાં તે સર્વને કરે !
કોઈ તેનાથી બાકાત રહી ના શકતું જ છે. ૧૩૧-૧૩૨

પકડી પાડવી ચાલ સ્વાર્થ જે રમતો બધી,
જાણી તે લેવી મુશ્કેલ શી અટપટી, દોહ્યલી !

કોઈ વાતે પડે પાછો ના સ્વાર્થ, હોશિયાર છે,
હારે કદીક, તોયે **તે** તેવો દેખાવ ના ધરે. ૧૩૩-૧૩૪

જ્ઞાન, અજ્ઞાન બંનેની સાથે સ્વાર્થ રહેલ શો !
સ્વાર્થ અજ્ઞાનનો ઊંડો જકડાવે ખરેખરો,
જ્ઞાનનો સ્વાર્થ સંપૂર્ણ મુક્ત રખાવશે ખરો,
જ્ઞાનનો સ્વાર્થ, આત્માનાં ગુણ, શક્તિ, પ્રકાશ સૌ. ૧૩૫-૧૩૬

છે પરમાર્થનો ઊંડો જેને સ્વાર્થ ખરેખરો,
સ્વાર્થ ના માત્ર સંપૂર્ણ મનન ચિંત્‌વને જ શો !
થવા સાફલ્ય તો સ્વાર્થ જે તે ઉપાય હાથ લૈ
-મંડ્યો તેમાં લગાતાર રહે આઠે પહોર શો ! ૧૩૭-૧૩૮

સ્વાર્થ જે સ્વાર્થમાં માત્ર એકધારો નિરંતરે
-રમ્યા શો કરતો લાગે ! તેમાં તલ્લીન માત્ર છે,
આડે કે અવળે ક્યાંયે **એ**ની દૃષ્ટિ જતી ન છે,
પ્રાપ્ત તે કર્મમાં એનાં મનાદિ રત મસ્ત છે. ૧૩૯-૧૪૦

કેટલી વાર તો સ્વાર્થ કેવાયે છણકા કરે !
થૈ જતાં આડુંતેડું તો સ્વાર્થને આવડે જ છે,
જે કાળે ને પ્રસંગે જે જેમ જેવું થવું ઘટે,
સ્વાર્થનામાં કળા એવી હૈયાસૂઝ અપાર છે. ૧૪૧-૧૪૨

સ્વભાવ સ્વાર્થનો પૂરો આખાબોલો ખરેખરો,
કદીક બાફી મારે **તે**, કદીક વેતરે ઊંધું,
કહેવાય ન એવુંયે કદીક બોલી બેસતો,
ફાવે તેવું ગમે તેમ દાધારંગું શું વર્તતો ! ૧૪૩-૧૪૪

સ્વાર્થ પોકળતા જાણે ના **તે** કોઈ પ્રકારની,
સ્વાર્થ મેળવવા ધાર્યું મરી મથે ઘણું મથી,
કેડો લીધેલ ના છોડે દૃઢ, મક્કમ આપ છે,
કદીક ફાવતાં કૈં ના, તત્ક્ષણ ચૂપ તે રહે. ૧૪૫-૧૪૬

શે'ના કોઈની રાખે છે, સ્વાર્થ નિર્વ્યાજ મસ્ત છે,
કદીક તોછડો કેવો છતાં પાછો વિવેકી છે,
રોકડું પરખાવી દે જેને તેને ખરેખરું,
કોઈની ના પડી **એ**ને એવો નિર્બંધ સ્વાર્થ છે. ૧૪૭-૧૪૮

અભિમાનથી તો સ્વાર્થ કદીક છલકાય છે,
રાગદ્વેષતણા ફાંસે કદીક લટકાય છે,
લોભ, મોહાદિમાં સ્વાર્થ કેવો ફસાઈ જાય છે !
ચાલ અટપટી **એ**ની સ્હેજે ના પરખાય તે. ૧૪૯-૧૫૦

શ્રેષ્ઠ, ઉત્તમ તો કેવો સ્વાર્થ શિકારબાજ છે !
નિશાન તાકવા કેવો **એ**ને થનગનાટ છે !
શો તલસાટ **એ**નો છે ! સ્વાર્થ ભુખાળવો શું છે !
અજબ શક્તિ **એ**ની છે, **એ**ની દોટ અમાપ છે. ૧૫૧-૧૫૨


પાંખો સ્વાર્થની તો શીઘ્ર શી ઉડ્ડયનશીલ છે !
**એ**ને ના ઊડતાં વાર, ક્યાંનો ક્યાં **તે** ઊડી શકે,
પ્હોંચતાં પ્હોંચતાં **એ**ને જ્યાં ત્યાં કૈં થોભવું પડે,
છતાં તે થાક ના જાણે, શ્રમ **એ**નો નિરંતરે. ૧૫૩-૧૫૪

❊

હરિઃૐ

## અધ્યાય - ૧૨

# સંગ્રામ સ્વાર્થનો



તીવ્રમાં તીવ્ર હૈયામાં લાગેલો સ્વાર્થ જે ઊંડો,
એની મેળે ન છોડી દે, અંત લાવ્યા વિના પૂરો.

(અનુષ્ટુપ)

આત્માનો સ્વાર્થ તો વ્યક્ત ચેતનાશક્તિ જીવને
-જેમાં તેમાં ભળેલી જે શોધી લેવા જ તત્પરે,
કિંતુ સભાનતા તેમાં પોતાપણાની કૈં ન છે,
તેથી ઉઠાવ **તે**નો તો કોઈ રીતે થતો ન છે. ૧-૨

આત્માનો સ્વાર્થ કેવો તે વિરોધાભાસ પૂર્ણ છે,
એને પ્રકાશ કે'વાયે બહુ તો તે ખરી રીતે,
ઊર્ધ્વ ને નિમ્ન-એવા બે સ્વાર્થના તો પ્રકાર છે,
દર્શાવવા જતાં તેમ એવું બોલી નખાયું છે. ૩-૪

આત્માને બાકી કોઈએ કશો ના સ્વાર્થ કૈં જ છે,
એનો પ્રકાશ ફેલાતો આપમેળે જતો શું છે !
સ્વયંભૂ સર્વ છે એની સહજ પ્રક્રિયા શી જે !
આપમેળે થતું જે તે એનું તો સર્વ કાંઈયે. ૫-૬

સંપૂર્ણ દિલ લાગ્યો છે, સ્વાર્થ જેને ખરેખરો,
તેવાનાં ભવ્ય નેણાં ને વેણાં કેવાં જ સ્પષ્ટ સૌ.
બદલાયેલ સંપૂર્ણ વાચા, નયન બેઉ તે
-આવે અનુભવે તે તે મુગ્ધ એની સુવાસ છે. ૭-૮

સ્વાર્થને કેટલી આંખો ? કેટલા હાથ સ્વાર્થને ?
ચાલતાં ચાલતાં **એ**ના પગ થાકે કદી ન જે,
લેવો આરામ પોષાતો સ્વાર્થને તો કદી ન તે,
સ્વાર્થ કામગરો, એના જેવો બીજો ન કોઈ છે. ૯-૧૦

ફાવતાં ફાવતાં લોભ કેવો **એ**ને થયેલ છે !
તેથી ખેંચાઈ તે કેવો આકર્ષાયેલ છે પથે !
છતાં મોહાંધ ના એવો સ્વાર્થ ઉચ્ચ પ્રદેશનો,
આકર્ષાતો ભલે હોય છતાં ત્યાં અંધ તે ન છે. ૧૧-૧૨

તીવ્રમાં તીવ્ર હૈયામાં લાગેલો સ્વાર્થ જે ઊંડો,
એની મેળે ન છોડી દે, અંત લાવ્યા વિના પૂરો,
સ્વાર્થે તો બહુ શો ભારે સ્વાર્થનું કેંદ્રબિંદુ જે
-તેના પરે તડામાર મારો ચલાવિયો જ છે. ૧૩-૧૪

છંછેડાયેલ સંપૂર્ણ સ્વાર્થ જ્યારે ખરેખરો,
કેટલાંક બળો **એણે** તડીપાર કરેલ છે,
પૂરતાં ખપનાં જે જે બળોનો ઉપયોગ છે,
તેને વાપરવા કાજે સ્વાર્થ શો કામિયાબ છે ! ૧૫-૧૬

સ્વાર્થની નેમ સંપૂર્ણ સધાઈ ના જતી જ છે,
જેમ જેમ સધાતું છે, જતી ક્ષિતિજ આગળે,
નેમ જે એક ઠેકાણે જવાતાં ત્યાં પછી બીજે
-નેમ વિસ્તૃત તે થાતી, એવો એનો જ રંગ છે. ૧૭-૧૮

સધાતાંમાં, સધાતાંમાં નેમ વિકાસ થાય છે,
ઉત્તરોત્તર જે ઊર્ધ્વ લાગે થતી જતી શી **તે** !
ઊર્ધ્વમાં ઊર્ધ્વ ને દિવ્ય સ્વાર્થની નેમ ભવ્ય જે
-સધાવાકેરી સંપૂર્ણ, મર્યાદા ત્યાં અનંત છે. ૧૯-૨૦

ડાળાં ને પાંખડાં કેવાં સ્વાર્થનાં બહુવિધ છે,
કિંતુ પકડીને મૂળ, થડને વળગેલ છે,

મૂળ ને થડ આધારે ઊંચે ઊંચે ચઢી જઈ,
આકાશે પ્‌હોંચીને સ્વાર્થ ત્યાંથીયે શો જતો ચઢી ! ૨૧-૨૨

આડા ને અવળાયે શા સ્વાર્થમાં કૈં પ્રપંચ છે,
નિમ્ન પ્રકારનો એવો સંસારી સ્વાર્થ હોય છે,
દિવ્ય પ્રકારનો સ્વાર્થ રાગદ્વેષ ન જે વિશે,
શો દેવાસુર સંગ્રામ ઉગ્રમાં ઉગ્ર ત્યાંય છે ! ૨૩-૨૪

અનેક જાતનાં એવાં બળો જુદાં જુદાં જ જે,
તે સૌને જીતવા માટે **પ્રાણ**યે હોમવા પડે,
હોમાતાં એમ હોમાતાં, હારતાં, જીતતાં પથે,
અંતે મેળવીને જીત, શમાવાય **હરિ**પદે. ૨૫-૨૬

ઘણો પ્રાચીન ને દીર્ઘ સ્વાર્થનો ઈતિહાસ છે,
સાધ્યો છે સ્વાર્થ સંપૂર્ણ એવા તો કોઈ વીર જે,
રાખી હથેળીમાં માથું જેણે રમત માંડી છે,
આરપાર થવા જેણે હોડમાં સર્વ મૂક્યું છે. ૨૭-૨૮


કેટલી સાવધાની ને કેટલી સાવચેતી જે,
જાગૃતિ ચેતનાયુક્ત કેટકેટલી ધારીને
-લગનીથી યુક્ત શા યત્નો અવિરત થયેલ છે !
ત્યારે સ્વાર્થ સધાવામાં કામયાબી મળેલ છે. ૨૯-૩૦

❈

હરિઃૐ

# અધ્યાય - ૧૩

## સ્વાનુભવ



સ્વાર્થ લાગ્યા વિનાનો જે પુરુષાર્થ થતો રહે,
કૈં ભલીવાર તેમાં તો કદીયે ના ઊગી શકે.

(અનુષ્ટુપ)

પરમેશ્વર શો સ્વાર્થ કેવો મને મળેલ છે !
જેણે રસ્તો સુઝાડીને ધપાવ્યો છે અગાડી જે,
ભોમિયો હું નહોતો, ને અજાણ્યો હું પૂરો હતો,
પંથે ત્યાં પાંસરો સીધો ચલાવ્યા શો મને કર્યો ! ૧-૨

રોગ મટાડવા સ્વાર્થે નામને લેવરાવીને,
ને સ્મરણ કરાવ્યું છે, લાગ્યો એમાંથી નાદ જે,
એવા તે નાદના છંદે ભજનો, કીર્તનો થયાં,
અખંડાકાર શો ભાવ થયો હું ધન્ય જાગતાં ! ૩-૪

કેવી લગનીને લીધે ભૂખ્યોડાંસ બની જઈ,
સ્વાર્થને સાધવા ત્યારે તૂટી પડેલ શો ધસી !
ગરજ, રસ ને માત્રા ઉત્કટતાની ઑર છે,
લાગે જ્યાં સ્વાર્થ તેની તો શી તાલાવેલી હોય છે ! ૫-૬

સ્વાર્થને કારણે સ્વાર્થ કેવો લાગેલ તે હૃદે,
કેવાં તેનાથી જન્મ્યાં છે ગરજ,રસ, તે વિશે,
શી તાલાવેલી તૈયારી, સૌ કરવાની ઊલટ,
ધગશ, ખંત, ઉત્સાહ સ્વાર્થની સર્વ ઊપજ. ૭-૮

સ્વાર્થનીયે તમન્ના શી ઉત્તરોત્તર તો બઢી !
અંતરાયો પથે આવ્યા કુદાવાયા કૃપાથી શી !
કેટલું કેટલું જોશ કલ્પનાતીત જે બધું
-પ્રગટ્યું સ્વાર્થને લીધે, જેણે શો જીવતો કર્યો ! ૯-૧૦

જ્યારેયે ચિત્ત ચોંટે છે, એકાગ્ર બની જાય છે,
ત્યારે રહસ્ય શાં ખુલ્લાં થૈ આપોઆપ જાય છે,
આત્મસાત થતાં તે તે, ભળી જીવનમાં જતાં,
સ્વાર્થનો રસ એકાગ્ર બક્ષે કેંદ્રિતતા તદા. ૧૧-૧૨

એકાકાર થતાં ધ્યેયે ઊંડું એકાગ્ર કેંદ્રિત,
દિલ પ્રકાશથી કેવું તરબતર થાય છે !
વર્ણવી જાય ના એવી ચિત્તની ધ્યાનમગ્નતા,
રસે ચિત્ત રસાતાંમાં ધ્યેય સાકાર આપમાં. ૧૩-૧૪

ગોથાં શાં ખવરાવ્યાં છે, જીવને ક્યાંક ક્યાંક તે,
ઊંધાં ચશ્માં પહેરાવી દશ્ય જુદું બતાવ્યું છે,
અંતરે ભરમાયો છું બહુ વેળા કૃપાથી જે
-પ્રાર્થતાં ઊગરાયું છે, ગૂંચ સૌ ઊકલેલ છે. ૧૫-૧૬

ઊઠબેસ કરાવીને કેવો નરમઘેંસ જે
-પૂરેપૂરો બનાવીને ઘડાવા યોગ્ય અંતરે
-જેણે મને કરાવ્યો છે, તેના તે પાદપદ્મમાં
-ભક્તિભાવે મૂકી માથું રખાયું, અર્પું સર્વ ત્યાં. ૧૭-૧૮

અધવચ્ચે ભુલાયું છે, પંથે શું રખડાયું છે,
પાછું શું ઊગરાયું છે, એ તો કેવી કૃપા જ તે !
એકમાત્ર પૂરેપૂરી જેને લ્હે લાગી છે હૃદે,
તેવા જ માત્ર સંપૂર્ણ **आज** કે **काल** જીતશે. ૧૯-૨૦

અપરંપાર તો ધૈર્ય આ માર્ગે ખપનું જ છે,
ઉતાવળા થયા તો તો બગાડી મૂકશો જ **તે**,

કેટલો કાળ વીતે છે, સુધરતાં, સુધરતાં,
માથે જેને વીતી હોય એકલા માત્ર જાણતા. ૨૧-૨૨

ઊંડો જ્યાં લાગતાં સ્વાર્થ **એણે** હચમચાવિયો !
ઊંચોનીચો, ઊંધોચત્તો ફેરવાવ્યો પથે ઘણો,
ભમાવીને, ભમાવીને, મથાવીને, મથાવીને,
**એણે** જે શિખવાડ્યું છે, જેથી ઊર્ધ્વે ચઢાયું છે. ૨૩-૨૪

સ્વાર્થે જે જે સુઝાડ્યું છે, તે પ્રમાણેનું વર્તીને
-આગળનો નવો રસ્તો કૃપાથી શો જડેલ છે !
પાછો વાગેલ ધક્કો છે, જેથી કેવું ખસાયું છે
-આગળે ! આગળે કે જ્યાં નવો ભાળ્યો પ્રદેશ છે. ૨૫-૨૬

દિવ્ય દેશતણા લ્હાવાતણી ઉત્કટ ઝંખના,
જ્વાળામુખી સમી ઉગ્ર શી ધગધગતી તદા !
જેણે કેવું મથાવ્યું છે, જે સ્વપ્નમાંયે તે વિશે
-માન્યામાં ના કદી આવે, એવું સધાવ્યું ઉગ્ર છે. ૨૭-૨૮

સ્વાર્થ લાગ્યા વિનાનો જે પુરુષાર્થ થતો રહે,
કૈં ભલીવાર તેમાં તો કદીયે ના ઊગી શકે,
શો ભડભડતો અગ્નિ જેવો સ્વાર્થ જહીં જલે,
તેવા તે સ્વાર્થ યત્નોનો કોઈ મીઠો પ્રકાર છે. ૨૯-૩૦

લગાડ્યો સ્વાર્થ હૈયામાં કે જે છૂટ્યો ન કૈં છૂટે,
ચોંટેલો ચામજૂ પેઠે વિખૂટો ના પડી શકે,
હલમલાવીને **એણે** રોજેરોજ મથાવીને
-નવું દર્શાવીને કેવો ખેંચ્યા કર્યો પથે મને ! ૩૦-૩૧

સ્વાર્થની ઘેલછા જેણે ગાંડોતૂર બનાવીને,
ધકેલ્યા પથમાં કીધો સંકોરાવ્યા કરાવીને,
બઢવા આગળે કેવો જોશ, ઉત્સાહ પ્રેરવી,
સાધનો શાં જુદાં જુદાં **એણે** પ્રેરાવિયાં ચહી ! ૩૩-૩૪

જ્યાં પંથ અટકાવાયું, ત્યાં જે લગની લાગી છે,
-તેણે દમ ભિડાવીને ચલાવ્યો છે પછી પથે,
લપસી જ્યાં પડાયું છે, ત્યાં શો ટેકો દઈ મને,
ઊભો રખાવી દોડાવ્યો સડસડાટ પંથ પે. ૩૫-૩૬

ભયંકર પથે કેવી ગૂંચ, મુશ્કેલી આવી છે !
ઉપાય સર્વ તેનાયે સ્વાર્થે બતાવિયા જ છે,
પ્રત્યેક પ્રશ્નનો નિશ્ચે ઉપાય ને ઉકેલ છે,
લાગ્યા તેમાં લગાતાર રહેવાતાં, સહેલ તે ! ૩૭-૩૮

છાવરી દઈ સંપૂર્ણ નિરાશાએ બધી રીતે,
અંધકાર નર્યો ઘોર ફેલાવ્યો અંતરે બધે,
સૂઝવા કૈં ન દીધું છે, મૂર્છના ઘોર કેવી તે !
તેમાંથી લાત મારીને સ્વાર્થે જગાડિયો જ છે. ૩૯-૪૦

દિવ્ય તે પંથનો સ્વાર્થ મુક્ત, સ્વતંત્રતા પથે
-દોરી લઈ જનારો છે, શો તે કૃપા પ્રતીક છે !
ચમત્કારિક શી સૂક્ષ્મ એવી તે ઘટના થકી
-ઊંડો એવો મને સ્વાર્થ જગાડી ઢળવ્યો ચહી. ૪૧-૪૨

સ્વાર્થ જ્યાં ખૂબ લાગે છે, સાકાર તે કરાવવા
-કેવા કેવા મહાભારે કરાવ્યા યત્ન કારમા !

સૂવા જેણે ન દીધો છે, કદી દીધો ન ઊંઘવા,
સ્વાર્થે શો જોતરાવ્યો છે, ધૂંસરીએ મને તદા ! ૪૩-૪૪

કેડો જેણે ન છોડ્યો છે, ઝંપલાવ્યા કર્યું ઊંડે,
જોખમો, સાહસો વ્હોરી, સ્વાર્થે ઝુકાવરાવ્યું છે,
ઝુકાવીને, ઝુકાવીને યાહોમ સૌ કરાવીને,
શો ભયંકર ઊંડાણે મરાવ્યો ભૂસકો મને ! ૪૫-૪૬

રાત, દિવસ જોયાં ના, ચાલવાનો જ યજ્ઞ જે
-શો ચલાવ્યા કરાવ્યો છે ! કૈં અટક્યા વિના પથે,
ક્યાંયે આરામ ખાવાને ઈચ્છા ના બેસવા થઈ,
એ તો કેવી કૃપા મોટી ! જાણે માત્ર અનુભવી. ૪૭-૪૮

ચાલ, ચાલ, કર્યા કીધું, 'ક્યારે અંત આવશે ?'
વિચારાવ્યું ન એવું તે મથાવાનું કરાવ્યું છે,
વિચારીને વિચારીને થઈ જે જે શકે ન તે,
એવું સ્વાર્થે કરાવ્યું છે, જેથી ધપાયું ચેતીને. ૪૯-૫૦

મીંચાવી દઈને આંખ સ્વાર્થે ચલાવરાવ્યું છે,
ને આંખ ઊઘડાવી છે, સ્વાર્થે એ રીત અંતરે,
સ્થૂળ આંખ મીંચાવી છે, અંતઃચક્ષુ પૂરેપૂરાં
-ઊંડું ઊંડું મથાવીને, ખોલાવ્યાં છે કરી કૃપા. ૫૧-૫૨

બોચીએ આંખ તો સ્વાર્થે કેવી લગાવરાવીને
-આગળે પાછળે **એણે** કેવું મથાવરાવ્યું છે !
સ્વાર્થની શી બલિહારી ! સ્વાર્થને કારણે મને
-નો'તું મળી શકે એવું જેણે પ્રાપ્ત કરાવ્યું છે. ૫૩-૫૪

લાગ્યો ખરેખરો સ્વાર્થ જેથી મથાયું છે પથે,
સદ્‌ગુરુ તેથી શો સ્વાર્થ થયો જીવનનો મને !
**एणे** જે જે સુઝાડ્યું છે તેવું ને તેટલું કશું
-કોઈથી ના મળેલું છે, ધન્ય સદ્‌ગુરુ સ્વાર્થ શો ! ૫૫-૫૬

જેણે મથાવીને પૂરી આંખો મીંચાવરાવી છે,
મીંચાવરાવીને પાછી ખોલાવી આંખ નાખી છે,
એક બાજુથી સંપૂર્ણ આંખ બંધ કરાવી છે,
બીજી બાજુ પરત્વેની આંખ ખોલાવરાવી છે. ૫૭-૫૮

દુર્ગમ દેશ કેવાયે જેની ના કલ્પના જ છે,
-એવા તે દેશ આવ્યા છે, જેની ના જાણકારી છે,
ભમી જવાય જે વિશે, અટવાવાનું જ્યાં થયું,
કિંતુ ત્યાંયે મને સ્વાર્થે ખેંચીને તારવ્યો જ શું ! ૫૯-૬૦

એવા તે દિવ્યતાકેરા સ્વાર્થની ઝંખના હૃદે
-જ્વાળામુખી સમી જેણે જગાડી ચેતવ્યો મને,
તેથી તે સાધવા સ્વાર્થ કેવું કેવું મથાયું છે !
તે ઈતિહાસ શો ગૂઢ સાધનોથી ભરેલ જે ! ૬૧-૬૨

ભરોંસો ના પડે એવું કૈંક ને કૈંક તો થતું,
જ્યારે વિવેકનો લીધો આશરો મનમાં ઊંડો,
તારવી, તારવી એવી રીતે મનાદિને પથે
સાચવી, સાચવી પેરે પેરે ધરાવિયાં પદે. ૬૩-૬૪

સ્વાર્થને કારણે ઊંડું ઊંડું જે ઊતરાયું છે,
રહસ્ય જાણવા તેથી અંતરનું મળેલ છે,

'લગાડાવ્યો ઊંડો સ્વાર્થ' મોટામાં મોટી તે **કૃપા**,
જેથી **આ આંધળો** કેવો દેખતો તો થયેલ ત્યાં ! ૬૫-૬૬

સ્વાર્થ જ્યાં જીવતો લાગ્યો ત્યારે મધુરું જીવવું
-કેવું સ્વાદિષ્ટ લાગ્યું છે ! જાણે તે મુજ દિલડું,
જુદા જુદા નવા સ્વાદ અનોખા કો પ્રકારના
-મળ્યા છે ચાખવા કેવા ! જેની ના ક્યાંય તુલના. ૬૭-૬૮

મીઠાના કારણે સ્વાદ અનોખો શો બની જતો !
સ્વાર્થને કારણે તેમ જે મથાવાનું તે મીઠું,
અદીઠનું હૃદે કોઈ શું આકર્ષણ હોય છે !
પૂરમાં શાં તણાયાં ત્યાં જતાં માનવી જીવને ! ૬૯-૭૦

કિંતુ સ્વાર્થ રખાવે છે, હેતુકેરી સભાનતા,
પોતાને સાધવું તેનું જીવતું ભાન દિલમાં,
જીવતો જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી ઘસડાવીને
-ખેંચી જનાર છે નિશ્ચે, સ્વાર્થનું તે પ્રમાણ છે. ૭૧-૭૨

ક્યાંનું ક્યાં સ્વાર્થ જાગ્યાથી ભટકવાનું જે થયું,
તેમાંથીયે હૃદે કેવું ઑર શિક્ષણ તો મળ્યું !
જ્યાં ત્યાંથી શીખવાકેરાં વલણ, વૃત્તિ દૃષ્ટિ તે
-સ્વાર્થે કેવાં રખાવ્યાં છે ! તેથી રળાયું જીવને. ૭૩-૭૪

સ્વાર્થ ઉત્કટતા લીધે સૂઝ્યું કેવું નવું નવું !
બેલી શો બગડ્યાનો છે, **શ્રીહરિ એક**માત્ર તું,
સ્વાર્થે સંબંધ બંધાવ્યો, સ્વાર્થ શો સ્નિગ્ધ મુગ્ધ તો !
કરાવ્યો છે કૃપાથી તે ઉપકાર ભુલાય શેં ? ૭૫-૭૬

‘સ્વાર્થ લાગ્યો ઊંડો ઊંડો’, રૂડાં વાનાં થયાં જ તે,
બાકી તો ઠેરનો ઠેર રહ્યો હું હોત જીવને,
સ્વાર્થે કેવો ધપાવ્યો છે, કુદાવ્યો છે કદી પથે,
કદીક લંગડું કેવું ભૂલેચૂકે થવાયું છે. ૭૭-૭૮

હારી જવાયું છે પંથે શું કેટલીક વાર તે !
છતાં સ્વાર્થે તહીં કેવો મને બેઠો કરેલ છે,
આકર્ષી લલકાર્યો છે, પાઈ છે કેવી પ્રેરણા !
કુંભ અમૃતનો ગુપ્ત દર્શાવી, નાથિયો તદા. ૭૯-૮૦

સ્વાર્થની કેવી માત્રાઓ અનન્ય એકએકથી,
ચઢિયાતી છતાં પાછી કોઈક વાર નિમ્ન શી !
વલણો શાં ઊંચાંનીચાં પંથે જ આવતાં જ છે,
તેને ઓળંગવા સ્વાર્થ ફાળ કેવી ભરાવશે ! ૮૧-૮૨

સ્વાર્થ બેધારી તો કેવી છે તલવાર જીવને !
આડુંતેડું છતાં કેવું ત્યાં કપાઈ જવાય છે !
શે’ ના રાખે કશાની તે, છતાં પાછો અવાક છે,
બોલ્યાચાલ્યા વિના બોલે કોઈ છૂપી કળા વડે. ૮૩-૮૪

બોચીએ આંખ છે **ए**ને જુએ જ્યાં ત્યાં બધું જ **તે**,
**ए**નાથી છાનું ના ક્યાંયે, વ્યવહારે ચકોર છે,
ભુલાવ્યો ના પડે ભૂલો, એવો નિશાનબાજ **તે**
-સ્વાર્થ જેને હૃદે લાગ્યો બેડો તેનો શું પાર છે ! ૮૫-૮૬

સ્વાર્થ કામણગારો શું ! સ્વાર્થ લોભામણો શું છે !
આકર્ષણ બીજું ક્યારે સ્વાર્થ જેવું ન ક્યાંય છે,

સ્વાર્થથી ભરમાવાનું જીવને તો થતું જ છે,
જતાં જતાં પથે દિવ્ય જેનો ખૂલ્યો વિવેક છે. ૮૭-૮૮

આવરણો મળ્યાં કેવાં સ્વાર્થ લીધે મને પથે,
લલચાવી મને જેણે ખાડે નાખી દીધેલ છે,
કિંતુ સાચું મથે જે છે, તેને ના વાર જાગતાં,
જાગી જતાં, ન છે વાર તેવાને પછી ઊઠતાં. ૮૯-૯૦

અંતરે ખુશબો, દૃશ્યો ભૂમિકા જુદી જુદીનાં
-મળ્યાં જોવા, પથે જેથી શિખાયું ચેતી ચાલવા,
ઘડીક વાર થંભાતું દોડાતું'તું કદીક શું !
પછવાડી પડી સ્વાર્થે દોડાવ્યા કર્યું નિત્ય શું ! ૯૧-૯૨

**હરિ**એ તો કરેલી છે, કૃપા કેટલી મોટી તે !
સ્વાર્થ કેવો લગાડીને ધક્કેલ્યો છે મને પથે !
નવરો ના પડવા દીધો, નશો મસ્ત ચઢાવીને
-દોડાવ્યા જ કરાવ્યો છે, ગોદાટીને પથે મને. ૯૩-૯૪

સ્વાર્થ શો સ્પષ્ટ વક્તા છે ! દર્શાવે સ્પષ્ટ સર્વ તે,
પોતાનું સાધવા નેમ સ્વાર્થની અણીદાર છે,
જ્યાં **એણે** જેવું ધારેલું તેનું છે સ્પષ્ટ ભાન તે,
મારો તેના પરે કેવો સ્વાર્થ ચલાવતો જ છે ! ૯૫-૯૬

સ્વાર્થમાં સ્વાર્થને લીધે સ્વાર્થનું કર્મ જીવને
-સધાતાં ગયું છે કેવું ! જેની જાણ પડેલ છે,
ખબરદારી હૈયામાં જેનાથી પ્રગટેલ છે,
જાણ્યામાં આવતાં એવું ટટારી શી સ્ફુરેલ છે ! ૯૭-૯૮

મનમાં મનમાં સ્વાર્થ ઊંડું ઊંડું રમ્યા કરે,
એકને એકનું **એ**ને ઊંડું ચિંતવન નિત્ય છે,
સ્વાર્થની જેવી જામેલી સળંગતા, અખંડતા,
ત્યારે શું તેનું તો હાર્દ મેળવાય દિલે જ તે ! ૯૯-૧૦૦

જબરજસ્ત સંગ્રામ જ્યાં મંડાયેલ જીવને,
જીતી લેવા બધી બાજી સામે પક્ષેથી અંતરે
-ત્યારે જે હામ ભીડી છે, શી અલૌકિક મૌલિક !
ને છક્કડ ખવાડીને બાજી વાળી ઊંધી દીધી. ૧૦૧-૧૦૨

યત્ન મરણિયા કીધા છતાં જ્યાં ના ફવાયું છે,
ફરી, ફરીથી એના એ મંડાયા શું જવાયું છે !
શી પછડાટ ખાધી છે, મંડતાં, મથતાં પથે,
કિંતુ છાલ ન છોડ્યો છે, ત્યારે જીત મળેલ છે. ૧૦૩-૧૦૪

જેવું બનાવવાનું છે, સામે આદર્શ ધારી શો !
બદલી શકતો હોઉં તેને બદલવા મથ્યો,
પરિસ્થિતિ, પ્રસંગોને ધ્યેયના હેતુને વિશે
-વાળવા કીમિયો યોગ્ય કૃપાથી શો સૂઝેલ છે ! ૧૦૫-૧૦૬

શું દૃષ્ટિબિંદુ સાચું ! તે મેળવી દઢ અંતરે
-ટકાવી રાખવા એને જીવતું, શું મથાયું છે !
લાગેલા સ્વાર્થને લીધે તેમ વર્તી શકાયું છે,
કૈંક ઉત્તમ જો તેમાં તો તો તે સ્વાર્થ વાત છે. ૧૦૭-૧૦૮

લાગવાથી ઊંડો સ્વાર્થ રસ શો જીવવાતણો
-ફૂટ્યો જીવનમાં કેવો ! જેણે યૌવન બક્ષ્યું છે,

શા ખૂનખાર સંગ્રામો ! સંકટો કારમાં મળ્યાં,
કિંતુ ના ગણકાર્યાં છે, ખૂબી ત્યાં એવી સ્વાર્થની ! ૧૦૯-૧૧૦

પરિસ્થિતિ પ્રસંગોને શીખ્યો હું આવકારતાં,
એની તો પછવાડેનું સ્વાર્થ કારણ માત્ર શો !
સ્વાર્થ એવો હૃદે ભારે ઊંડો લાગેલ જે હતો,
મર્યાદા સૌ વટાવાને ઝીલ્યો સંગ્રામ હિંમતે. ૧૧૧-૧૧૨

હૈયે ચેતનવંતો શો સ્વાર્થનો ધબકાર છે !
ભારે મરણિયો જંગ માંડેલ જીતવા શું તે !
જીતવું ત્યાં પડે કેવું તસુએ તસુ આખરે,
સામે સંગ્રામ ઝીલીને ખેલવું શું પડેલ છે ! ૧૧૩-૧૧૪

જીવને તકલીફોનો વણથંભ્યો પ્રવાહ છે,
'શક્તિ મેળવવા કાજે તે તે સર્વ મળેલ છે',
એવા હેતુતણા જ્ઞાને જે તે સ્વીકાર્યું છે હૃદે,
સ્વાર્થને સાધવા તેવી રીતે તેથી મથાયું છે. ૧૧૫-૧૧૬

સ્વાર્થ લાગ્યો, કૃપા એ તો અપાર **તારી** શી હતી !
જેણે જગાડી ભૂખ્યો શો મૂક્યો બનાવી દિલથી !
ભૂખ સંતોષવા ત્યારે માર્યાં તરફડિયાં ઘણાં,
સંતોષ પામવા હૈયે સંપૂર્ણ શું મથાયું ત્યાં ! ૧૧૭-૧૧૮

સ્વાર્થના જેવું ક્યાંયે ના મીઠું અમૃત કાંઈ છે,
સ્વાર્થના લોભ ને મોહ ન્યારા પ્રકારના જ છે,
આકર્ષાવાનું જે તેથી થાય, તેય અનન્ય છે,
એવો સ્વાર્થ હૃદે લાગ્યો ભાગ્ય ખૂલી ગયેલ છે. ૧૧૯-૧૨૦

રળાયાથી હૃદે લક્ષ્મી સ્વાર્થને માત્ર કારણે,
બહેકાઈ જવાયું છે અંતરે છલકાઈને,
છતાં પાછો જ લાગેલો ઊર્ધ્વનો સ્વાર્થ જે હૃદે,
તેણે ઉગાડીને સાચું ચીંધ્યો માર્ગ નવીન છે. ૧૨૧-૧૨૨

સ્વાર્થની બલિહારીની ગાઉં ગાથા, કથા શી હું ?
સ્વાર્થ લીધે જ શાં શાં તે શું ભગીરથ કર્મ જે
-જીવને આચરાયાં છે, કથા તેની રસિક છે
-કિંતુ તે ગૂઢ છે ગાથા શો ઈતિહાસ ગુપ્ત તે ! ૧૨૩-૧૨૪

સ્વાર્થ લીધે જ જે તે કૈં મથવાનું થયાં ગયું,
તારવતા રહેવાથી તારતમ્ય જણાયું શું !
કલ્યાણમાર્ગનો લાભ, '**ગુણ-ભાવ**નું જીવન
-પ્રાગટ્ય જે થતું રે'તાં', જાણ્યું પ્રત્યક્ષ લક્ષણ. ૧૨૫-૧૨૬

'શાંતિ, પ્રસન્નતા, શાતા, તાટસ્થ્ય ક્રિયમાણ જે
-વર્તતાં જીવને લાગ્યાં' મળ્યું તેથી પ્રમાણ તે,
ઉચ્ચ સ્વાર્થથી કેવું **આ** છે ધક્કેલાયું જીવન !
જે અનુભવમાં આવ્યું તે પ્રમાણનું લક્ષણ. ૧૨૭-૧૨૮

**ગુણ** ને **ભાવ**નું જ્યારે પ્રમાણ વધતું જતું
-અનુભવાતું, હૈયામાં આનંદહેલી ઑર શું !
ને સંતોષ થવા લાગ્યો સ્વાભાવિકપણે હૃદે,
નક્કર ખાતરી પાકી મળ્યાથી દિલ ખુશ છે. ૧૨૯-૧૩૦

સ્વાર્થમાં સ્વાર્થથી કેવો સ્વાર્થને સાધવાતણો
-રસ અપાર જામેલો ઊંડો ઊંડો ખરેખરો !
પથે ઊંચકીને જેણે ઉડાડી ગગને મૂક્યો,
આકાશે બેસણું કેવું જમાવી આપ્યું છે ખરું ! ૧૩૧-૧૩૨


❉

॥ હરિઃૐ ॥

હરિ:ૐ

# અધ્યાય - ૧૪

## સમાપન



ભિક્ષાનું પાત્ર તે માત્ર રૂડો **તે** શણગાર છે,
શોભીતો જે ભિખારીને ને બંધબેસતો શું છે !

(અનુષ્ટુપ)

કૃપા શી થઈ ! કે ‘સ્વાર્થ’ જેણે લખાવરાવ્યું છે,
સ્વાર્થને પાડી શો ખુલ્લો તે તે સૌ વર્ણવેલ છે,
બાકી હજીય તો પાસાં વર્ણવવાં રહેલ છે,
થોડું લખ્યું ઘણું માની સદ્ભાવી રાજી સૌ થશે. ૧-૨

ઝીણું ઝીણું અતિ સૂક્ષ્મ કાંતવાની કળા ન છે,
પ્રસંગ સાંપડે જેવો તેવી ત્યાં બુદ્ધિ જાગશે,
આત્મવિશ્વાસ એવો શો **હરિ**કૃપાથી દિલ છે !
તેથી નાદાન **આ** મૂર્ખ સમર્થ શો થયેલ છે ! ૩-૪

વ્યક્ત થવા દીધો મોકો માનું આભાર કેટલો ?
જેમણે ભાવ પ્રેરાવી તણખો બુદ્ધિમાં મૂક્યો,
કેટકેટલી તો શક્તિ એકલા તણખા વિશે,
જાણેલું વ્યવહારે છે, ના તે વર્ણવવું પડે. ૫-૬

**હરિ**ને વ્હાલ હૈયાના ભાવ ઉમળકાથી તે
-ઊછળી, ઊછળી કેવું કરવાનું થતું હૃદે,
શો આત્મસાત સંપૂર્ણ નિજનો **હરિ**ને થવા
-કેવા કેવા હૃદે કોડ જે થનગનતા હતા ! ૭-૮

સ્વાર્થની યશગાથાને ભૂલી કઈ રીતે શકું ?
જેનાથી **આ** થયો આજે જીવને ભાગ્યશાળી હું.
બે બોર હાથનાં જેના કોઈ લેતું નહોતું જે,
લાગ્યો તે જ વખાણાવા સ્વાર્થની બલિહારી તે. ૯-૧૦

ભિક્ષાનું પાત્ર તે માત્ર રૂડો તે શણગાર છે,
શોભીતો જે ભિખારીને જે બંધબેસતો શું છે !
સ્વાર્થ લીધે હૃદે કેવું અંતરે સૌ નવું નવું
-શીખવાનું મળ્યું, એવી પ્રસાદીની ખૂબી જ શું ! ૧૧-૧૨

❈

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

हरिःॐ

(અનુષ્ટુપ)

સ્વાર્થમાં સ્વાર્થી હોવું તે સંપૂર્ણ, ના જરૂરી તે,
પ્રામાણિકપણે સ્વાર્થ શકાતો સાધી હોય છે,
ઢગલાબંધ લક્ષ્મીને ભલે ભેગી ન તે કરે,
કિંતુ જે સ્વાર્થમાં શ્રેય વર્તે જીવન તે તરે.

- શ્રીમોટા

'સ્વાર્થ', બી. આ., પૃ. ૨૦